dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue-222 | AD - 2024, Vaishakh sud - 08 | Thursday, Dt.16-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હવે વિરોધ અને આઝાદીના નારાઓ લાગ્યા

# પીઓકે ભારતનો એક ભાગ છે અમે તેને મેળવીને રહીશું : અમિત શાહ

(એ.આર.એલ),કોલકતા,તા.૧૫

લોકસભા ચૂંટણીના પ્રચાર વચ્ચે અમિત શાહે ફરી એકવાર પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)ને લઈને મોટું નિવેદન આપ્યું છે. પીઓકેમાં ચાલી રહેલા હિંસક વિરોધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, પીઓકે ભારતનો એક ભાગ છે અને અમે તેને મેળવીને જ રહીશું. તેમણે એમ પણ કહ્યું કે, આજે ભારતીય કાશ્મીરમાં નહીં પણ પીઓકેમાં પથ્થરમારો થઈ રહ્યો છે. શ્રીરામપુરમાં એક રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું કે, ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ એક સમયે અશાંત કાશ્મીરમાં શાંતિ પાછી આવી છે પરંતુ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર હવે વિરોધ અને આઝાદીના નારાઓથી ગુંજી રહ્યું છે.

પશ્ચિમ બંગાળમાં એક ચૂંટણી રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું કે, સરકારે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ કાશ્મીરમાં શાંતિ પાછી આવી છે પરંતુ હવે અમે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં વિરોધ જોઈ રહ્યા છીએ. પહેલા અહીં આઝાદીના નારા સંભળાતા હતા હવે એ જ નારા પીઓકેમાં સંભળાય છે. પહેલા અહીં પથ્થરમારો થતો હતો હવે પીઓકેમાં પથ્થરબાજી થઈ રહી છે. પીઓકે પર કબજો કરવાની માંગને સમર્થન ન આપવા બદલ કોંગ્રેસના નેતાઓ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું, મણિશંકર ઐયર જેવા કોંગ્રેસના નેતાઓ કહે છે કે, આવુ ન કરવું જોઈએ કારણ કે તેમની પાસે પરમાણુ બોમ્બ છે. હું કહેવા માંગુ છું કે, તે ભારતનો એક ભાગ છે અને અમે તેને (પીઓકે) લઈશું.



અમિત શાહે કહ્યું કે વર્તમાન લોકસભા ચૂંટણી એ ઈન્ડિયા ગઠબંધનના ભ્રષ્ટ નેતાઓ અને પ્રામાણિક રાજકારણી નરેન્દ્ર મોદી વચ્ચે પસંદગી કરવાની ચૂંટણી છે. મોદી મુખ્યપ્રધાન અને વડા પ્રધાન હોવા છતાં તેમના પર ક્યારેય એક પૈસાનો પણ આરોપ લાગ્યો નથી. તેમણે કહ્યું, પશ્ચિમ બંગાળને નક્કી કરવાનું છે કે તે ઘૂસણખોરો ઈચ્છે છે કે, શરણાર્થીઓ માટે નાગરિકતા સંશોધન કાયદો. બંગાળે નક્કી કરવાનું છે કે, તેમણે જેહાદને મત આપવો છે કે વિકાસને મત આપવો છે.

અમિત શાહે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે પણ સીએએના સમર્થનમાં વાત કરી હતી. ગૃહપ્રધાને પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીની નાગરિકતા સુધારા કાયદાનો વિરોધ કરવા અને તેમની મત બેંકને ખુશ કરવા માટે 'ઘૂસણખોરોના સમર્થનમાં રેલીઓ કાઢવા' માટે ટીકા કરી હતી. તમને જણાવી દઈએ કે, ભાજપના દિગ્ગજ નેતાઓ સતત પશ્ચિમ બંગાળની મુલાકાતે છે. હવે અમિત શાહે પીઓકેનો મુદ્દો ઉઠાવીને વિપક્ષને ઘેરી લીધા છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં મોંઘવારી મુદ્દે લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. તેમના પર લાઠીચાર્જ કરવા ઉપરાંત પોલીસ ગોળીઓ પણ ચલાવી રહી છે.

કેન્દ્રીય મંત્રી અને બેગુસરાય લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર ગિરિરાજ સિંહે કોંગ્રેસ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી દેશ છોડીને ભાગી જવાના છે. તેમને દેશ પ્રત્યે કોઈ પ્રેમ નથી. આ વખતે તેમને ગત વખત કરતા ઓછી બેઠકો મળશે અને ઈન્ડિયા ગઠબંધન તૂટી પડશે.

ગિરિરાજ સિંહે કહ્યું કે જે રીતે આ લોકો ભારતને તોડવાની અને લોકોની સંપત્તિ છીનવી લેવાની વાત કરી રહ્યા છે. મને લાગે છે કે આ મા-દીકરાને દેશ માટે કોઈ પ્રેમ નથી. તેમને ૪૦થી ઓછી બેઠકો મળશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પોતાને પછાત વર્ગના શુભચિંતક તરીકે રજૂ કરતા રાહુલ ગાંધી અને લાલુ યાદવે કર્ણાટકમાં મુસ્લિમોને ઓબીસીનો દરજ્જો આપીને પછાત વર્ગના આરક્ષણને ખતમ કરી દીધું છે.

# કેરળમાં હેપેટાઈટિસ - એ વાયરસના ૫૦૦૦થી વધુ કેસ




(એ.આર.એલ),કોચ્ચી,તા.૧૫

કેરળમાં હેપેટાઈટિસ એ વાયરસ ખૂબ કહેર વર્તાવી રહ્યો છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં કેરળમાં હેપેટાઈટિસ એના ૧૯૭૭ કેસ સામે આવ્યા છે. ૧૨ લોકોના મોત નિપજ્યા છે. આ સિવાય પ્રદેશમાં ૫૫૩૬થી વધુ શંકાસ્પદ કેસ પણ સામે આવ્યા છે. જોકે તેની પુષ્ટિ તંત્ર તરફથી કરવામાં આવી નથી. આ તમામ દર્દી તે છે જે સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ગયા નથી.

કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે હેપેટાઈટિસ એના પ્રકોપને જોતા કોઝિકોડ, મલપ્પુરમ, ત્રિશુર અને એર્નાકુલમમાં એલર્ટ જારી કર્યું છે. આ જિલ્લામાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે. તમામ જિલ્લાના જાહેર જળાશયોમાં ક્લોરીન નાખવામાં આવી રહ્યું છે. આ સિવાય રેસ્ટોરન્ટમાં પણ ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આરોગ્ય મંત્રાલય અનુસાર પ્રદેશમાં આ વર્ષે છેલ્લા ૭ વર્ષની તુલનામાં સર્વાધિક મામલા નોંધાયા છે. હેપેટાઈટિસ એના નિષ્ણાત એનએમ અરુણે જણાવ્યું કે તાજેતરના વર્ષોમાં રાજ્યમાં પાણીની ગુણવત્તામાં ખૂબ ઘટાડો આવ્યો છે.







# છેલ્લા પાંચ વર્ષમાં મોદીની સંપત્તિમાં આશરે રૂા.૫૧ લાખનો વધારો થયો

નવીદિલ્હી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઉત્તર પ્રદેશની વારાણસી લોકસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. પીએમ મોદીની આવક અંગેની માહિતી ચૂંટણી પંચમાં રજૂ કરવામાં આવેલા એફિડેવિટ દ્વારા સામે આવી છે. તેમણે ઉમેદવારી પત્ર સાથે દાખલ કરેલ એફિડેવિટમાં પોતાની સંપત્તિની સંપૂર્ણ વિગતો આપી છે. તેમણે માહિતી આપી હતી કે તેમની પાસે કુલ ત્રણ કરોડથી વધુની સંપત્તિ છે. છેલ્લા પાંચ વર્ષમાં સંપત્તિમાં આશરે રૂ. ૫૧ લાખનો વધારો થયો છે. ૨૦૧૯માં જંગમ અને સ્થાવર સંપત્તિ ૨ કરોડ ૫૧ લાખ ૩૬ હજાર ૧૧૯ રૂપિયા હતી. તે જ સમયે, પીએમ મોદી સામે ચૂંટણી લડી રહેલા કોંગ્રેસ-સપા ગઠબંધનના ઉમેદવાર અજય રાયની કુલ સંપત્તિ ૨ કરોડ ૬૫ લાખ રૂપિયા છે. છેલ્લા પાંચ વર્ષમાં કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયની સંપત્તિમાં લગભગ ૧ કરોડ ૨૫ લાખ રૂપિયાનો વધારો થયો છે.







# રાજસ્થાનમાં ખાણમાં લિફ્ટ તૂટી પડતા ૧૪ લોકોને રેસ્ક્યુ કરાયા

(એ.આર.એલ), જયપુર,તા.૧૫

રાજસ્થાનના ઝુંઝુનુ જિલ્લામાં મંગળવારે રાત્રે હિંદુસ્તાન કોપર લિમિટેડની કોલિહાન ખાણમાં લિફ્ટ તૂટી પડતાં કોલકાતા વિજિલન્સ ટીમના સભ્યો સહિત ૧૪ લોકોને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા હતા. બચાવ પ્રયાસો, જેમાં શરૂઆતમાં આઠ લોકોને બહાર કાઢવાનો સમાવેશ થતો હતો અને ત્યારબાદ બાકીના છ જેઓ લિફ્ટમાં ફસાયેલા હતા. રેસ્કયૂ ઓપરેશનમાં તમામ ૧૪ લોકોને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા.



# ફતેપુર ખાતે ભોજલરામ પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

અમરેલી, તા.૧૫

અમરેલીના ફતેપુર ગામે જલારામ બાપાના ગુરૂ એવા સંત ભોજલરામ બાપાનો પ્રાગટયોત્સવ વૈશાખી પૂર્ણિમાંના દિવસે આગામી તા. ૨૩ ને ગુરૂવારના રોજ શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવશે. આ પ્રસંગે દેશ વિદેશના લાખો ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓ પ્રેમ, ભકિત અને શ્રધ્ધાનો પ્રસાદ ગ્રહણ કરે છે. આ મહોત્સવમાં મુંબઈ, વાપી, સુરત, અમદાવાદ, રાજકોટ, ગોંડલ, જૂનાગઢ, જામનગર તથા અમરેલી જિલ્લાના ઉદ્યોગપતિઓ તથા આગેવાનો અને સંતો મહંતો ખાસ હાજરી આપશે. પ્રાગટય મહોત્સવના કાર્યક્રમમાં દર વર્ષની જેમ પ્રભાતે ૬:૦૦ કલાકે પૂ. બાપાના સ્મૃતિ ચિન્હોનું પૂજન, સવારના ૮:૩૦ કલાકે રકતદાન કેમ્પનું ઉદ્‌ઘાટન, સવારના ૯:૦૦ કલાકે ફૂલ સમાધિ પર ધ્વજારોહણ, સવારે ૯:૩૦ કલાકે નેત્રનિદાન કેમ્પનું ઉદ્‌ઘાટન, બપોરના ૧૨:૦૦ કલાકે ભોજન પ્રસાદ, સાંજના ૫:૦૦ કલાકે ધર્મસભા જેમાં પ.પૂ. શ્રી વિજયબાપુ-મહંતશ્રી સતાધાર, પ.પૂ. શ્રી લવજીબાપુ-ખોડિયાર મદિર-નેસડી, પ.પૂ. મહંતશ્રી વ્રજલાલબાપુ-વાલમરામધામ-ગારીયાધાર, પ.પૂ. શ્રી જેરામબાપુ-આપાગીગાની જગ્યા-બગસરા,



પ.પૂ. નરેશદાદા ત્રિવેદી- કથાકાર -સુરત, પ.પૂ. શ્રી બાબુરામબાપુ-ધના ભગતની જગ્યા-ધોળા, પ.પૂ. શ્રી રાધાકૃષ્ણ શાસ્ત્રી-કથાકાર-રામપર, પ.પૂ. શ્રી શંકર મહારાજ-રાજકોટ વિગેરે સંતો મહંતો હાજરી આપશે તથા દિવ્ય વાણીનો લાભ આપશે ત્યાર બાદ સાંજના ૮:૩૦ કલાકે ભોજન પ્રસાદ લીધા બાદ રાત્રીના ૯:૦૦ કલાકે ભજન સંતવાણી જેમાં પ્રસિદ્ધ કલાકારો -મનસુખભાઈ વસોયા, અપેક્ષાબેન પંડયા, પિયુષભાઈ મીસ્ત્રી, સ્મૃતિબેન પટેલ, રેખાબેન વાળા, મીહીરભાઈ પટેલ સંતવાણીનો લાભ આપશે. સવારના ૯ થી બપોરના ૧૨ તથા બપોરના ૨ થી સાંજના ૫ કલાક સુધી કથાકાર શ્રી શંકર મહારાજના દિવ્ય સ્વરમાં ‘‘ભોજલ જ્ઞાન કથા’’ યોજાશે જેમાં સંતશ્રી પૂ. ભોજલરામબાપાના જીવન ચરિત્રના પાવન પ્રસંગ તથા જલારામબાપા તથા વાલમરામબાપાના જીવનમાં ગુરુ મહિમાના પ્રસંગોને પણ વણી લેવામાં આવેલ છે. આ તકે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. (જેમાં દરેક રકતદાતા ભાઈઓ તથા બહેનોને આકર્ષક ભેટ પ્રસાદી રૂપે આપવામાં આવશે.) ૧,૦૦,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થર અને શ્વેત આરસના સંયોજનથી પૂ. ભોજલરામ બાપાનું ભવ્ય તથા દિવ્ય મંદિર ૨૦૨૫ની સાલમાં પૂર્ણ થશે. સાંજના ૫:૩૦ કલાકે આ વર્ષના મંદિર નિર્માણના મુખ્ય દાતાની ભવ્ય સાકર તુલા થશે. ગામે-ગામ બનેલ શ્રી ભોજલરામ યુવા સેવા સંગઠનના ૨૦૦૦ ભાઈ બહેનો ભોજન-પ્રસાદ તથા ચા-પાણીની કામગીરી સંભાળશે. આ શુભ પ્રસંગે દર વર્ષની માફક શ્રેષ્ઠ ધર્મોપદેશકોના પ્રવચનો તથા રાત્રીના ભજન/સંતવાણી તથા લોકસાહિત્ય રજૂ થશે. આ ધર્મોત્સવમાં સહપરિવાર મિત્રમંડળ સહિત ધર્મલાભ લેવાનું જાહેર નિમંત્રણ (ભોજલધામ) મહંતશ્રી ભકિતરામબાપુએ આપ્યુ છે.

### સંતો-મહંતો અને રાજકીય આગેવાનોની હાજરીમાં

# મોટા માચીયાળા ગામે કોળી સમાજના ૨૭મા સમૂહલગ્ન સંપન્ન

અમરેલી, તા.૧૫

અમરેલીના મોટા માચીયાળા ગામે ગત તા.૧૧ ના રોજ જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા ૨૭મા સમસ્ત કોળી સમાજના સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. વેલનાથ બાપુના મંદિરે આયોજિત આ સમૂહ લગ્નોત્સવમાં ૧૫ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ તકે રાજકીય, સામાજિક અગ્રણીઓ, સંતો મહંતો અને વિવિધ સમાજના મહેમાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને નવયુગલોએ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગને સફળ બનાવવા માટે ગામના સરપંચ, સદસ્યો, ગામ અને સમાજના આગેવાનો તેમજ વેલનાથ યુવક મંડળ, માંધાતા યુવક મંડળ મોટા માચીયાળા, ફતેપુર, અમરેલી ચીતલના વેલનાથ યુવક મંડળ અને સમિતિના યુવાનો વગેરેએ જહેમત ઉઠાવી હતી. તેમ ધીરૂભાઈ મકવાણાની યાદીમાં જણાવાયુ છે.

# ભુલથી ખાતામાં આવેલા રૂપિયા ચંદ્રેશ ધોળકીયાએ પરત કર્યા

અમરેલી,તા.૧૫

બાબરાની આઈસીઆઈસીઆઈ બેન્કની શાખામાં અર્જુન જગદીશભાઈ ભુવાએ સીડીએમ મશીનથી રૂા.૧ લાખ પોતાના ખાતામાં નાખવાના બદલે ભુલથી નાણા બીજાના ખાતામાં નાખી દીધા હતા. આ ખાતુ અમરેલીના મધુવન જ્વેલર્સવાળા ધર્મિત ચંદ્રેશભાઈ ધોળકીયાનું હોવાથી આ બાબતે ખાતાધારકનો



સંપર્ક કરી સાચી હકીકત જણાવતા ધર્મિત ધોળકીયાએ એક પળનો વિલંબ કર્યા વગર એનઈએફટી દ્વારા પરત ખાતામાં ટ્રાન્સફર કરી પ્રેરણાદાયી કાર્ય કર્યુ હતું. ખાતામાં પરત નાણા મળતા ખાતાધારકે મધુવન જ્વેલર્સવાળાનો આભાર માન્યો હતો.

### મંગળવારે ‘અમંગળ’ ઘટના બની હતી

# પોઈચાની નર્મદા નદીમાંથી ત્રણ હતભાગીઓના મૃતદેહ મળ્યા



બગસરા, તા.૧૫

મૂળ રાજુલા તાલુકાના કોટડી ગામનો આહીર પરિવાર જે વર્ષોથી સુરત ધંધાર્થે સ્થાયી થયો હતો તે ધાર્મિક કામ કર્યા બાદ પોઈચા ખાતે નદીએ સ્નાન કરવા પહોચ્યો હતો. જયાં મંગળવારે ‘અમંગળ’ ઘટના બની હતી. આહીર પરિવારના ૬ બાળકો સહિત ૭ લોકો નદીમાં ગરકાવ થઈ જતા કરૂણાતિંકા સર્જાઈ હતી. જેમાં ૨૦ કલાક બાદ નદીમાંથી બાળકનો મૃતદેહ હાથ લાગ્યો હતો અને સાંજ સુધીમાં ત્રણ બાળકોના મૃતદેહ મળતા હૈયુ હચમચી ગયુ હતુ. અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામનો આહીર પરિવાર સુરત રહેતો હોય ત્યારે મંગળવારે ૧૭ લોકો પોઈચા ખાતે આવેલી નર્મદા નદીમાં સ્નાન કરવા પહોંચ્યા બાદ એક બાદ એક સાત લોકો નદીના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેથી મૃતદેહને શોધવા માટે એનડીઆરએફની ટીમ દ્વારા ભારે શોધખોળના અંતે વહેલી સવારે ભાવેશ વલ્લભભાઈ હડીયા નામના બાળકનો મૃતદેહ મળ્યો હતો અને ત્યારબાદ સાંજ સુધીમાં ભાર્ગવ અશોકભાઈ કાતરીયા અને વ્રજ હિંમતભાઈ બલદાણીયાનો પણ મૃતદેહ મળી આવતા આહીર પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ. જાણવા મળતી માહિતી મુજબ ૬ લોકોના મૃતદેહોના એકસાથે સુરત ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવશે જયારે ભાર્ગવ અશોકભાઈ કાતરીયાના કોટડી મુકામે અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

**એક બાળકના અંતિમ સંસ્કાર કોટડી ગામે કરાશે**

# સારહિ તપોવન આશ્રમ ખાતે વડીલ વંદના કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૧૫

મધર્સ ડે નિમિત્તે વડીલ વંદના શેર એન્ડ કેર અમરેલી પરિવાર અને સારહિ પરિવારના સંયુક્ત ઉપક્રમે સારહી તપોવન આશ્રમ ખાતે ત્યાંના તપસ્વીઓ તેમજ સારહિ પરિવારના સેવાભાવી સભ્યો સાથે મધર્સ ડે નિમિત્તે હમ સાથ સાથ હૈ ગીત સંગીત સાથે વડીલ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી અને શેર એન્ડ કેર



પરિવારના કલાકારો દ્વારા ગીત સંગીત સાથે વડીલોને મોજ કરાવી હતી. સારહિ પરિવારના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીનું ભગવાન શ્રીરામનો ફોટો આપી શેર એન્ડ કેર પરિવારના મેમ્બર અશોકભાઈ જોષીએ સન્માન કર્યુ હતુ અને મુકેશભાઈ સંઘાણીએ શેર એન્ડ કેર પરિવારની સેવાઓને બિરદાવી તપોવન આશ્રમના તપસ્વીઓ સાથે સમય વિતાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સારહિ પરિવારના સભ્ય સુરેશભાઈ શેખવા, તુષાર જોશી, ભગીરથ ત્રિવેદી, મનીષ વઘાસિયા, ભ્રમિત ચૌહાણ, ભાવેશ સોઢા, રાજેશ માંગરોળિયા, ઘનશ્યામ ત્રાપસીયા, રોહીત જીવાણી સહિત પોતાના પરિવારના વડીલો સાથે હાજર રહ્યા તમામ વડીલોની પુષ્પો દ્વારા વડીલ વંદના કરી આશીર્વાદ મેળવેલ. કાર્યક્રમને સફળ બનાવવા શેર એન્ડ કેર પરિવાર અમરેલીના સભ્ય ધર્મેશ જોષી, મનસુર ગઢીયા, ઉમેશ તેરૈયા, પરેશ મહેતા અને સંજય પંડ્યાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન શેર એન્ડ કેર પરિવાર અમરેલીના ફાઉન્ડર રિયાઝ વેરસીયાએ કર્યુ હતું.

# બાબરા પંથકમાં વીજળી પડતા મહિલાને સારવારમાં ખસેડાઈ

બાબરા, તા.૧૫

બાબરા પંથકમાં વીજળીના કડકા-ભડાકા સાથે વરસાદ પડયો હતો જો કે ત્યારે વીજળી પડતા એક મહિલા ઘાયલ થતા સારવારમાં ખસેડવામાં આવી છે. લીલીયાના ગોઢાવદર ગામના સુમિતાબેન વિલેશભાઈ રાખોલીયા વેકેશન હોવાથી પોતાના પિયર ગયા હતા ત્યારે અચાનક જ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ થતા પરિણીતા તેના પુત્ર સાથે અગાસીમાં ગયા હતા જયાં અચાનક જ પરિણીતા પર વીજળી ત્રાટકતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે આટકોટ દવાખાને ખસેડવામાં આવ્યા હતા. વીજળી પડવાથી લોકોમાં ભયનો માહોલ છવાયો હતો.

# ધારી આઈટીઆઈ ખાતે ફ્રી સમર સ્કિલ કેમ્પ માટે અરજી કરવી

અમરેલી,તા.૧૫

ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાનાર આ તાલીમથી ઉમેદવારો વાકેફ થાય તેમજ તેઓને કારકિર્દી ઘડતર માટે વિશેષ માર્ગદર્શન મળી રહેશે. આગામી તા.૨૭ થી તા.૨૯ મે-૨૦૨૪ સુધી સવારે ૧૦:૦૦ કલાક થી બપોરે ૧૨:૩૦ કલાક સુધી ધારી આઈ.ટી.આઈ. ખાતે “FREE SUMMER SKILL CAMP-૨૦૨૪’’નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કમ્પ્યુટર ગ્રુપ, સીવણ ગ્રુપ, ઈલેક્ટ્રિકલ ગ્રુપ, મિકેનિકલ ગ્રુપ જેવા વિવિધ ગ્રુપની ૦૩ દિવસની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને તે અંગેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આથી ધોરણ ૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને લાભ લેવા ઈચ્છતા તમામ ઉમેદવારો ૯૭૨૬૬ ૬૭૩૬૨ પર પોતાનું નામ લખી વ્હોટ્સ એપ મેસેજ કરી તા.૨૫ મે સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે.

# જિલ્લામાં જોખમી હોર્ડિંગ્સનો સર્વે કરવા કલેકટરનો આદેશ

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લામાં છેલ્લાં બે દિવસથી ભારે પવનોને કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો છે. ભારે પવનને કારણે મુંબઈમાં હોર્ડિંગ્સ ધરાશાયી થતા ૧૪ લોકોના મોત થયા બાદ ગુજરાત સરકાર પણ સફાળી જાગી હતી. જેથી કલેકટર અજય દહીયાના અધ્યક્ષસ્થાને આજે નગરપાલિકાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. મુંબઈ જેવી ઘટના અમરેલીમાં ન બને તે માટે જિલ્લાના અધિકારીઓને હોર્ડિંગ્સનો સર્વે કરવા આદેશ આપ્યો હતો. જેથી અધિકારીઓ આજથી હોર્ડિંગ્સના સર્વેની કામગીરી કરશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શાન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### બાગાયતી પાક સહિત ખેતી પાકને ભારે નુકસાન

# અમરેલી જિલ્લામાં ફરી કમોસમી વરસાદ, ખેડૂતોના જીવ તાળવે ચોંટયા

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં કમોસમી વરસાદથી ખેતી પાકને ભારે નુકસાન થયુ છે. જિલ્લામા અમરેલી, બાબરા, સહિતના ગામડાઓમાં પણ કમોસમી વરસાદે ખેડૂતોની મજા બગાડી છે. કમોસમી વરસાદના પગલે ખેડૂતોના માથે ચિંતાના વાદળો છવાયા છે. માવઠાથી કેરીના પાકને તેમજ ઉનાળું બાજરા સહિતના પાકોને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. અમરેલીમાં બપોરે ભારે ગરમી બાદ સાંજના સમયે વાદળછાયા વાતાવરણમાં વરસાદના છાંટા પડ્યા હતા. જો કે કમોસમી વરસાદથી ખેડૂતો જીવ તાળવે ચોંટયા હતા. વરસાદને કારણે



કેરીના પાકને ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. આજે બપોરના સમયે બાબરામાં ભારે પવન ફૂંકાવાની શરૂઆત થતા પતરા અને મંડપ ઉડયા હતા. ભારે પવન બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. વરસાદથી લાલ મરચા વેચનાર વેપારીઓને પણ ભારે નુકસાન થયુ હતું તો વડીયા પંથકમાં અરજણસુખ, બાટવા દેવળી સહિતના ગામે બપોર બાદ ભારે ઉકળાટ સાથે વરસાદી માહોલ છવાયો હતો અને વરસાદ વરસતા રસ્તાઓ પાણી પાણી થયા હતા. મોટી કુંકાવાવમાં એક કલાકમાં કડાકા-ભડાકા સાથે પવનના સુસવાટા સાથે ૧.૫ ઈંચ વરસાદ પડતા મેઈન બજારમાં પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદથી ગરમી વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હાલ ઉનાળુ પાક પાકવાના અંતિમ સમયમાં છે ત્યારે આ વરસાદને કારણે ખેડૂતોના તલ, મગ, અડદ જેવા પાકોને નુકસાન થતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાતો હોય તેવુ જોવા મળી રહ્યુ છે. આમ, અમરેલી જિલ્લામાં સતત કમોસમી વરસાદે ખેડૂતોની આર્થિક કમર તોડી નાખી છે.

**બાબરામાં વૃક્ષ ધરાશાયી, વીજપોલ તુટી પડયા**

બાબરામાં સાંજના સમયે અચાનક જ ભારે પવન ફુંકાયા બાદ અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. વૃક્ષો ધરાશાયી થતા વીજપોલ પર તુટી પડયા હતા. વીજપોલ તુટી પડવાને કારણે વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. ભારે પવનને કારણે બાબરા પંથકમાં તારાજીના દૃશ્યો જોવા મળ્યા હતા.

## લાઠી, લીલીયા પટેલ સમાજની સુરત ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

### ઓક્શન પદ્ધતિથી કુલ ૮ ટીમ તૈયાર થશે

લીલીયા,તા.૧૫

લાઠી-લીલીયા તાલુકા પટેલ સમાજ દ્વારા સુરત ખાતે આગામી ૧-૨ જૂનના રોજ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ૧૮ મેના રોજ લાઠી લીલીયા તાલુકાનાં પટેલ સમાજનાં તમામ પ્લેયરનું ટીમ ઓનર દ્વારા મેગા ઓક્શન કરવામાં આવશે. જેમાં ઓક્શન પદ્ધતિથી કુલ ૮ ટીમ તૈયાર થશે. આ તમામ કાર્યક્રમો આપ ઘેર બેઠા યુટ્યુબ ચેનલ**LATHILILIYAPATIDARPREMIER LEAGUE** પર જોઈ શકો છો.

## કમોસમી વરસાદના કહેરથી તારાજ ખેડૂતોની વહારે આવતા ધારાસભ્ય મહેશ કસવાલા

### કમોસમી વરસાદથી ખેતીપાકનાં સરવે સાથે સહાય કરવાની માંગ

સાવરકુંડલા,તા.૧૫

કમોસમી વરસાદ અમરેલી જિલ્લાના સાવરકુંડલા, લીલીયા તાલુકામાં વરસતા ખેડૂતોની ખેતપેદાશોને થયેલા વ્યાપક નુકસાનને લઈને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવીને તાત્કાલિક સર્વે કરી ખેડૂતોને સહાય મળી રહે તે અંગે રજૂઆત કરી છે. જેમાં



૧૪ તારીખે પડેલા કમોસમી વરસાદથી ડુંગળી, તલ, બાજરો, મગ, કેરી અને ઘાસચારાના પાકને ભારે નુકસાન થયું છે. ત્યારે આ કમોસમી વરસાદના કહેરથી તારાજ થયેલ ખેતીપાકનો તાત્કાલિક સરવે કરીને ખેડૂતોને સરકાર સહાય કરે તેવી માંગ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પત્ર મારફતે કરી હતી.

## સા.કુંડલાની શ્રીકૃષ્ણ ગૌશાળા દ્વારા ૩૦૦ પરિવારોને છાશ વિતરણ

અમરેલી,તા.૧૫

સાવરકુંડલાની મધ્યમાં આવેલ દેવળા ગેઈટ ખાતે શ્રીકૃષ્ણ ગૌશાળા આવેલ છે. અહીં દરરોજ સવારે સોનિક ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ચાર મહિનાથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં ૩૦૦ પરિવારોને વિનામૂલ્યે છાસ વિતરણ કરવામાં આવી રહી છે. આ છાસ કેન્દ્રની સેવા ચાર માસથી શરૂ છે. જેમાં દરરોજ આશરે એક હજાર કરતા વધુ લોકો આ છાસ કેન્દ્રનો લાભ લઈ રહ્યા છે. છાસ કેન્દ્રમાં દરરોજ સવારે શ્રીકૃષ્ણ ગૌશાળાના પ્રમુખ રાજુભાઈ બોરીસાગર, બળવંતભાઈ મહેતા, નિકુલભાઈ ગેડીયા, જીગ્નેશભાઈ ગેડીયા, સંકેતભાઈ મારૂ, જીતેન્દ્રભાઈ નાંઢા વગેરે સેવાભાવી યુવાનો સેવા આપીને છાસ વિતરણ કરી રહ્યા છે.

## સાવરકુંડલાનાં માનવ મંદિર ખાતે દિલીપ સંઘાણીનો ૭૧ મો જન્મદિવસ ઉજવાયો

સાવરકુંડલા,તા.૧૫

માનવ મંદિર આશ્રમ સાવરકુંડલા મુકામે દિલીપભાઈ સંઘાણીના ૭૧મા જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. માનવ મંદિરની જગ્યાના મહંત ભકિતરામ બાપુ દ્વારા માનસિક અસ્થિર લોકો માટે ભોજન પ્રસાદનું આયોજન



કરવામાં આવેલ હતું. જેમાં અમરેલી જિલ્લા સહકારી સંઘનાં ચેરમેન મનિષભાઈ સંઘાણી અને અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘનાં પ્રમખ જયંતિભાઈ પાનસુરીયા, અમરેલી જિ.સ.ખ.વે. સંઘનાં વાઈસ ચેરમેન અને સાવરકુંડલાનાં એ.પી.એમ. સી.ના ચેરમેન દિપકભાઈ માલાણી અને બોર્ડ ઓફ ડિરેકટર તેમજ સાવરકુંડલા વિસ્તારનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## અવસાન નોંધ

**અમરેલી**

સ્વ.નવનીતભાઈ બાલુભાઈ ડોડીયા (ઉ.૬૫) તે હિતેનભાઈ ડોડીયાના પિતાશ્રી તથા ભરતભાઈ અને અરવિંદભાઈ ડોડીયાના મોટાભાઈ તા.૧૨/૫/૨૪ ને રવિવારના રોજ રામચરણ પામેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૬/૫/૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬, લુહાર જ્ઞાતિની વાડી, સવજીપરા રોડ, ચાંદની ચોક, અમરેલી મુકામે રાખેલ છે.

**ચલાલા**

બકુલભાઈ કરશનભાઈ કાકડીયા ઉ.વર્ષ ૫૭ તે વ્રજ, મયુરીબહેન, પલ્લવીના પિતા તેમજ ઘનશ્યામભાઈ, બાબુભાઈ અને સ્વ.કનુભાઈના ભાઈ અને વિપુલભાઈના કાકાનું અવસાન તા.૧૪/૫/૨૦૨૪ મંગળવારના થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૬/૫/૨૦૨૪ ગુરૂવારના સવારના ૮થી સાંજના ૬ કલાક સુધી ફુલવાડી પ્લોટ, મહાદેવપરા પટેલવાડીમાં ચલાલા રાખેલ છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા નિવાસ ઠા લક્ષ્મીદાસ ગોપાળજીભાઈ ગઢીયા ઉ.વ. ૯૩ તે સ્વ. ડો. અમૃતલાલભાઈ મીરાણીના જમાઈ તથા મનોજ મેડિકલ વાળા વડિયા લોહાણા સમાજના પૂર્વ પ્રમુખ ગટુભાઈ મિરાણી, સ્વ. ડો. ઘનશ્યામભાઈ, વિનુભાઈના બનેવીનું તા.૯/૫/૨૪ ના રોજ અવસાન થયું છે. સસુર પક્ષની સાદડી તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ ટેલિફોનીક સાદડી રાખેલ છે.


સંકુલ ઉ.મા. ગર્લ્સ ગુ.મી. આર્ટસ કોમર્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ ઈ.મી. કોમર્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. કુમાર શાળા ગુ.મી. કોમર્સ પ્રવેશ
★ આર્ટસ : મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ગર્લ્સને ધો.૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ મળશે.
★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 026



॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨



વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


## જિલ્લાના ખેડૂતોએ સહાય મેળવવા વિગતો રજૂ કરવી


અમરેલી,તા.૧૫

બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માટે સહાય મેળવવા ઈચ્છુક હોય તેવા ખેડુતોએ આઈ-ખેડૂત પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરી હતી. સહાય મેળવવા ઈચ્છુક હોય અને આ સમયાગાળમાં અરજી કરી હોય તેવા ખેડૂતોએ પોતાની અરજી, ૭/૧૨, ૮-અ, બચત બેંક ખાતા પાસબુક, આધારકાર્ડની નકલ સહિતના જરુરી સાધનિક પુરાવા સહિતની વિગતો તા.૨૦ મે, ૨૦૨૪ સુધીમાં નાયબ બાગાયત નિયામક, બાગાયત કચેરી, બાગાયત ભવન, સરદાર ચોક, ચક્કરગઢ રોડ,અમરેલી ખાતે બિનચૂક જમા કરાવવાના રહેશે. આ અંગેની વધુ વિગત માટે ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ પર સંપર્ક કરવો તેમ અમરેલી નાયબ બાગાયત નિયામકની એક યાદીમાં જણાવ્યુ છે.




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas, Voltas Limited, My Voltas, My Voltas, My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
ધોરણ ૧૨ કોમર્સ (વર્ષ ૨૦૨૪)
સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
■ કુલ વિદ્યાર્થી : 66 ■ પાસ થયેલ વિદ્યાર્થી : 57
■ સંસ્થાનું પરીણામ : 86.36%

| | |
|---|---|
| A2 Grade : 10 | 95 PR UP : 07 વિદ્યાર્થી |
| B1 Grade : 16 | 90 PR UP : 10 વિદ્યાર્થી |
| B2 Grade : 13 | 75 PR UP : 21 વિદ્યાર્થી |

ધો. ૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. ૧૦ P.R. | ફી માફી |
|---|---|
| A1 Grade | 50% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેક્ચર...
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા જ આપવામાં આવશે.
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા...
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
■ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ...
■ ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ...
■ છેલ્લા ૧૬ વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ...
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો... | નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી.

# ભુરખીયા હનુમાન મંદિરે ૭૪મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો

## જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે ચશ્મા બનાવી અપાયા



દામનગર, તા.૧૫

ભુરખીયા હનુમાનજી મંદિરે બુધવારે ૭૪મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગથી લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી મંદિરે સવારના ૮ થી બપોરના ૧૨ વાગ્યા સુધી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે વિનામૂલ્યે ૭૪મો નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો.

ઉપરાંત નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી આપવામાં આવ્યા હતા.

# સનાળીમાં સ્વામી નિર્દોષાનંદજી સંન્યાસ આશ્રમનો ઉદ્દઘાટન સમારોહ

અમરેલી,તા.૧૫

કુંકાવાવના સનાળીમાં સ્વામી નિર્દોષાનંદજી નૂતન સંન્યાસ આશ્રમમાં ઉદ્દ્ઘાટન સમારોહમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. કુંકાવાવના સનાળી ખાતે સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત ૧૮ આશ્રમોમાંનો એક સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની અધ્યક્ષતામાં જગદીશ્વર મહાદેવના પાવન સાનિધ્યમાં



નૂતન આશ્રમનો ઉદ્દ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે નિર્દોષાનંદજી માનવસેવા નિઃશુલ્ક હોસ્પિટલ ટીંબીના લાભાર્થે આયોજિત રક્તદાન કેમ્પમાં ૧૧૬ રકતદાતાઓએ રક્તદાન કરી માનવસેવાનું એક જવલંત ઉદાહરણ પૂરું પાડ્યુ હતું. આશ્રમમાં નવનિર્મિત સંતકુટિર એવં સત્સંગ ભવનનો હજારો ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનાં હસ્તે વેદમંત્રોના ઉદ્દ્ઘોષ સાથે તથા શંખ, ભેરી, મૃદંગ, ડમરૂ વિગેરેના નાદ સાથે શુભારંભ કરાયો હતો. આશ્રમમાં નવનિર્મિત ગુરૂમંદિરમાં સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજની પ્રતિમાની પધરામણી કરાઈ હતી.

# ચલાલાની વિદ્યાર્થિનીએ વાટલિયા પ્રજાપતિ સમાજનું ગૌરવ વધાર્યું

ચલાલા, તા.૧૫

ચલાલાની એમ.કે.સી. કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિની માળવી ધર્મિષ્ઠા ભરતભાઈએ ધો. ૧૨ કોમર્સમાં ૭૦૦માંથી ૬૪૨ ગુણ (૯૯.૩૪ પીઆર) મેળવી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. જેથી શાળા પરિવાર અને વાટલીયા પરિવાર દ્વારા વિદ્યાર્થિની પર સાર્વત્રિક અભિનંદનની વર્ષા થઈ રહી



છે, તેમ પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવાયું છે.

# ધારીમાં લગ્નના ૪ મહિનામાં પરિણીતાને સાસરિયાએ કરિયાવર મુદ્દે ત્રાસ આપ્યો

## પિયર પરત ફરીને ફરિયાદ નોંધાવી

બગસરા, તા.૧૫

બગસરાના નટવરનગરમાં રહેતી એક યુવતીના લગ્ન ૪ મહિના પહેલા થયા હતા. જે બાદ સાસરિયા કરિયાવર મુદ્દે મેણાટોણા મારી, ગાળો બોલી ઢીકાપાટુ મારતા હતા. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ખુશ્બુબેન મુસ્તુફાભાઈ ઈસુબજી (ઉ.વ.૨૮)એ ધારીમાં રહેતા અમીનાબેન મનહરખાન ઈસુબજી, મનહરખાન ઈસુબજી, મુસ્તુફાભાઈ મનહરખાન ઈસુબજી, નવાઝ મનહરખાન ઈસુબજી, સમીરાબેન મનહરખાન ઈસુબજી તથા શહેનાઝબેન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નના આશરે ચારેક મહિના પછી સાસરિયાઓએ કામકાજ બાબતે તેમજ કરિયાવર બાબતે અવાર-નવાર મેણાટોણા મારીને શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપી, ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના યુવકને ફોનમાં ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલામાં રહેતા એક યુવકને મોબાઈલ ફોન ઉપર કોન્ફરન્સમાં લઈ જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે રૂષિલભાઈ મનસુખભાઈ ડોડીયા (ઉ.વ.૨૫)એ ગીર ગઢડા તાલુકાના ભાખા થોરડી ગામની દર્શના દુર્લભભાઈ કવા તથા અન્ય વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને તેના પત્નીએ ફોન કરતાં ઉપાડ્યો હતો. જે બાદ તેણે અન્ય વ્યક્તિને કોન્ફરન્સ કોલમાં લઈ જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એચ.કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં પતિએ પત્નીને ઢીકાપાટુ મારી પુત્રી સાથે કાઢી મૂકી

## જાનથી મારવાની પણ ધમકી આપી

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતાને તેના પતિએ લગ્નના થોડા સમય સુધી સારી રીતે રાખી હતી. જે બાદ ઢીકાપાટુ મારીને જાનથી મારવાની ધમકી આપીને ઘરેથી પુત્રી સાથે કાઢી મૂકી હતી. આ અંગે ક્રિષ્નાબેન સંજયભાઈ પરમાર (ઉ.વ.૪૩) એ પતિ સંજયભાઈ સુરેશભાઈ પરમાર સાથે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન આરોપી સાથે તા.૦૮/૦૫/૨૦૦૭ના રોજ થયા હતા. લગ્ન બાદ આરોપી પતિએ તેમને થોડો સમય વ્યવસ્થિત રાખી હતી. જે બાદ પતિએ ઘરકામ બાબતે મેણાટોણા મારી માનસિક અને શારીરિક દુઃખ ત્રાસ આપી ગાળો દઈ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારીને, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત ઘરેથી તેમને તથા તેમની દીકરીને કાઢી મૂકી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એચ.કમળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# કોવાયામાં હાર્ટ એટેકથી પુરુષનું થયુ કરૂણ મોત

## સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા બાદ દમ તોડ્યો

મરીન પીપાવાવ, તા.૧૫

રાજ્યની સાથે અમરેલી જિલ્લામાં પણ હાર્ટ એટેકથી મોતના કિસ્સા વધી રહ્યા છે. રાજુલાની કોવાયા ટાઉનશીપમાં હાર્ટ એટેકથી એક પુરુષનું મોત થયું હતું. કોવાયા ટાઉનશીપ-૧૯૨માં રહેતા ધ્રુવીલભાઈ રામકુભાઈ વાળા (ઉ.વ.૨૭) એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા રામકુભાઈ જીલુભાઈ વાળા ઘરે હતા ત્યારે હાર્ટ એટેક આવતાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં મરણ પામ્યા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ઈલેક્ટ્રીક મોટરમાંથી કરંટ લાગવાથી ગોપાલગ્રામમાં પરિણીતાનું મોત

## બહેનને ત્યાં સંતાનનો જન્મ થતાં પરિણીતા પિયર આવી હતી

ચલાલા,તા.૧૫

ચલાલાના ગોપાલગ્રામ ખાતે એક મહિલા તેના પિયર આવી હતી. બહેનના ઘરે પુત્રનો જન્મ થતાં તેને રમાડવા આવેલી પરિણીતાને મોટરનો વાયર અડી જતાં શોક લાગતા મરણ પામી હતી.

બગસરાના શીલાણા ગામે રહેતા મહેશભાઈ સોમાભાઈ ટોટા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેની પત્ની કિરણબેન (ઉ.વ.૨૩) પિયર ગોપાલગ્રામ આવી હતી.

તેની બહેનને ત્યાં દીકરાનો જન્મ થયો હોવાથી તેમને મળવા માટે તેમના માવતરને ત્યાં આવી હતી અને સાંજના સમયે પાણી આવતા મોટરથી પાણી ખેંચતા અચાનક ઓચિંતા મોટરના વાયરને અડી જતા કરંટ લાગતા મરણ પામી હતી.

ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા. ૧૬-૦૫-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૯, સૂર્યાસ્ત-૦૭:૦૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૧૬-૦૫-૨૦૨૪ ગુરૂવાર

મેષ: વર્તમાન સમય સફળતાભર્યો રહી શકે છે. ઘરમાં નજીકના વ્યક્તિઓ આવવાથી ઉત્સાહભર્યું વાતાવરણ રહી શકે છે.

વૃષભ: તમારા પોઝિટિવ વિચાર તમને સ્વસ્થ રાખશે. વ્યવસાય તથા નોકરીમાં કોઇ પ્રકારની રાજનીતિનો સામનો કરવો પડી શકે છે.

મિથુન: પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં પારદર્શિતા જાળવી રાખો. લક્ષ્ય પ્રાપ્તિમાં કોઇ નજીકના સંબંધીનો પણ સહયોગ પ્રાપ્ત થશે.

કર્ક: તમારા વ્યક્તિગત કાર્યોમાં કોઇ બહારના વ્યક્તિને સામેલ ન કરો. સ્વાસ્થ્ય સારું રહેશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થઇ શકે છે.

સિંહ: આજે મોટાભાગનો સમય માર્કેટિંગ તથા બહારની ગતિવિધિઓને આર્થિક સ્થિતિને મજબૂત કરવાની તમારી કોશિશ સફળ રહેશે.

કન્યા: પતિ-પત્ની વચ્ચે રોમેન્ટિક સંબંધ રહી શકે છે. તમારા આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થશે. જરૂરી કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે.

તુલા: પતિ-પત્ની વચ્ચે સંબંધ ગાઢ બનશે. જૂની પ્રોપર્ટીની ખરીદી કે વેચાણને લગતી મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે.

વૃશ્ચિક: વ્યવસાયિક ગતિવિધિઓ આજે મંદ જ રહેશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઇ શકે છે.

ધન: વ્યવસાયિક વ્યવસ્થામાં સુધાર આવશે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી તમારી કોશિશમાં સફળતા મળવાના યોગ બની રહ્યા છે.

મકર: આ સમયે ગ્રહ ગોચર તથા ભાગ્ય વ્યવસાયિક દૃષ્ટિએ તમારા પક્ષમાં છે. આજે કોઇપણ પ્રકારની યાત્રા ન કરો.

કુંભ: અન્યના મામલે કોઇપણ પ્રકારની દખલ ન કરો. દિવસની શરૂઆતમાં થોડી કારોબારી સમસ્યા તથા પરેશાનીઓ આવશે.

મીન: વ્યવસાયિક દૃષ્ટિએ સમય ધનદાયક રહી શકે છે. સંયુક્ત પરિવારમાં થોડા વાદ-વિવાદની સ્થિતિ બની શકે છે. પારિવારિક જીવન સુખદ રહી શકે છે.

# ગમાપીપળીયા ગામે વેપારીને ગાળો આપી ઘરના તમામને છરી મારી દેવાની ધમકી

## પવનચક્કીના ઈલેક્ટ્રિક થાંભલા કાઢવા મુદ્દે માથાકૂટ થઈ

બાબરા, તા.૧૫

બાબરાના ગમાપીપળીયા ગામે એક વેપારીને ગાળો બોલી, પરિવારના તમામ સભ્યોને છરી મારી દેવાની ધમકી આપવામાં આવી હતી. મોહિતભાઈ જગદીશભાઈ ભેડા (ઉ.વ.૨૪)એ રણજિતભાઈ વાઢીયા, રામભાઈ વાઢીયા તથા લાખાભાઈ ભીખાભાઈ વાઢીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમની ફોરવ્હીલ સ્વીફ્ટ ગાડી નં.જીજે-૧૩-સીસી-૨૯૦૧ લઈને સાહેદ કમુબેન તથા શુભમ સાથે હાથીગઢ હવનમાં જતા હતા. ગમાપીપળીયા ગામ બહાર હનુમાનજીની મઢી પાસે આરોપીએ આવીને તેમની સાથે બોલાચાલી કરી ગાળો આપી, ઘરે આવી બધાને છરી મારી દેવાની ધમકી આપી હતી. ઉપરાંત ગામની સહકારી મંડળીએ આવવાનું કહ્યું હતું. રામભાઈના બાપુજી વિહાભાઈ પવનચક્કીનું કામ રાખતા હોય અને તે પવનચક્કીના ઈલેક્ટ્રીક થાંભલા તેમના ખેતરના શેઢા ઉપર રાખ્યા હતા. જેથી થાંભલા કાઢવાનું કહેતા તેનું મનદુઃખ રાખી ઝઘડો કર્યો હતો. તેઓ ગામની સહકારી મંડળીએ જતા હતા ત્યારે ગાળો આપતા તેમણે ગાળો બોલવાની ના પાડતા ગાલ ઉપર લાફો મારી મૂંઢ ઈજા કરી હતી. ઉપરાંત નેફામાંથી છરી કાઢીને મારતા ટાંકાની ઈજા થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકાના ચમારડીથી ચરખાની વચ્ચે વાનની ટક્કરે પિતા-પુત્રી ઘાયલ

## પિતા-પુત્રીને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા

બાબરા, તા.૧૫

બાબરાના ચરખા ગામે રહેતા એક ખેડૂત તેની પુત્રી સાથે બાઈક લઈને જતા હતા ત્યારે મારૂતી ઓમની વાનના ચાલકે ટક્કર મારી હતી. જેમાં ઘાયલ થયા હતા. ચરખા ગામે રહેતા કાંતિભાઈ નાનજીભાઈ રાઠોડ (ઉ.વ.૫૨) ચમારડીથી ચરખાની વચ્ચે પાણીના ટાંકા પાસેથી પસાર થતા હતા ત્યારે જીજે-૦૫-યુયુ-૯૪૭૩ના ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેમને તથા તેમની પુત્રીને ઈજા થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.


હાર્દિક અભિનંદન



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી

અમરેલી જિલ્લાના પનોતા
પુત્ર અને ખેડૂત નેતા શ્રી
દિલીપભાઈ સંઘાણીની
ઈફકોના ચેરમેન તરીકે
બિનહરીફ વરણી થવા બદલ
હાર્દિક શુભેચ્છા

શુભેચ્છક
શ્રી મગનભાઈ રામજીભાઈ ભાદાણી -પ્રમુખશ્રી
શ્રીબીપીનભાઈ મનજીભાઈ કાલાવાડીયા -મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રીઓ
શ્રી શેખ પીપરીયા સેવા સહકારી મંડળી લી. તા.લાઠી

હાર્દિક અભિનંદન



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી.
અમરેલી

અમરેલી જિલ્લાના પનોતા
પુત્રઅને ખેડૂત નેતા શ્રી
દિલીપભાઈ સંઘાણી ની
ઈફકોના ચેરમેન તરીકે
બિનહરીફ વરણી થવા બદલ
હાર્દિક શુભેચ્છા

શુભેચ્છક
શ્રી બિપીનભાઈ ઓધવજીભાઈ કોટડીયા-પ્રમુખશ્રી
શ્રી નૈમિષભાઈ પ્રેમજીભાઈ વિરડીયા -મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટિ મેમ્બરશ્રીઓ
કુબડા સેવા સહકારી મંડળી લી. તા. ધારી,જી. અમરેલી

તંત્રી લેખ

# દારૂ કૌભાંડમાં રાષ્ટ્રીય પક્ષ આરોપીના પાંજરામાં

દારૂ કૌભાંડમાં આબાદ રીતે સપડાયેલા અરવિંદ કેજરીવાલ પોતાને કટ્ટર ઈમાનદાર ભલે કહેતા હોય પરંતુ તેઓ જે રીતે વર્તી રહ્યા છે તેની સામે ગઈકાલે અન્ના હજારેએ પણ મેદાનમાં ઉતરીને કહ્યું કે જે વ્યક્તિ ઈમાનદારી માટે મેદાનમાં આવે છે એ જ વ્યક્તિ સૌથી મોટા કૌભાંડો કરે એના જેવી નાલેશી બીજી કઈ હોઈ શકે.? હવે દારૂ કૌભાંડમાં આમ આદમીની આખી રાષ્ટ્રીય પાર્ટી પણ આરોપીના પાંજરામાં આવી ચૂકી છે. ભારતના ઈતિહાસમાં પહેલી વખત બન્યું છે કે કોઈ રાષ્ટ્રીય પક્ષ આ રીતે આરોપી બને. કેજરીવાલ જેલના પાંજરામાંથી બહાર આવ્યા પછી પણ તેને નિરાંત નથી એક બાજુ એક મહિલા પત્રકારને અપમાનિત કરીને માર મારવા બદલ તેના અંગત સચિવ પર કાર્યવાહી ચાલી રહી છે બીજી બાજુ આપ સામે બીજી નવી મુસીબતો શરૂ થઈ છે. પક્ષની સંપત્તિથી માંડી પક્ષના ચિન્હ પર પણ જોખમ તોળાઈ રહ્યું છે. દિલ્હી હાઈકોર્ટે સિસોદિયાને જામીન અંગે ચુકાદો અનામત રાખ્યો છે આ ઉપરાંત તેના અંગત માણસો અને મુખ્ય નેતાઓએ પણ કૌભાંડો કરવામાં પાછું વળીને જોયું નથી આથી હવે આમ આદમીની આખી પાર્ટી પર કેસ કરવાનું આયોજન થઈ રહ્યું છે બીજી બાજુ કેજરીવાલને મુક્ત કર્યા પછી પણ તેના પર દરરોજ નવી નવી આફતો આવી રહી છે. દિલ્હીના લિકર પોલિસી કૌભાંડમાં હવે આમ આદમી પાર્ટીને પણ આરોપી બનાવાશે. ઈડીએ મંગળવારે દિલ્હી હાઈકોર્ટમાં દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાની જામીન અરજીનો વિરોધ કરતા આમ જણાવ્યું હતું. ઈડીના વકીલે જજ સ્વર્ણકાંતા શર્મા સમક્ષ આ દલીલ કરતા જણાવ્યું હતું કે અમે અમારી હવે પછીની ચાર્જશીટમાં 'આપ'ને સહઆરોપી બનાવવાના છીએ. આરોપી પક્ષ આ મામલે આરોપ ઘડવાની પ્રક્રિયામાં વિલંબ કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. બીજી તરફ સિસોદિયાના વકીલે જામીનની માગ કરતા કહ્યું હતું કે ઈડી અને સીબીઆઇ મની લોન્ડરિંગ તથા ભ્રષ્ટાચાર મામલે હજુ પણ લોકોની ધરપકડ કરી રહી છે. આ કેસ લાંબો ચાલશે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ જજે સિસોદિયાની જામીન અરજી અંગે ચુકાદો હાલ અનામત રાખ્યો હતો. આ કેસમાં જો ઈડી 'આપ'ને આરોપી બનાવશે તો કોઈ રાષ્ટ્રીય પક્ષ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ નોંધાયો હોય તેવું પહેલીવાર બનશે. જાણકારોનું માનવું છે કે 'આપ'ને આરોપી બનાવાય તો પક્ષ સામે નવી મુસીબતો શરૂ થઈ શકે છે. પક્ષની સંપત્તિથી માંડીને પક્ષના ચિહ્ન પર પણ જોખમ તોળાઈ શકે છે. એક દાયકા પૂર્વે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનની કૂખે જન્મેલા પક્ષના વડા સહિત ઘણા નેતાઓ કથિત લિકર કૌભાંડમાં પહેલેથી જેલની હવા ખાઈ ચૂક્યા છે. આ કેસમાં કેજરીવાલ હાલ ૨૧ દિવસના વચગાળાના જામીન પર છે. સુપ્રીમ કોર્ટે તેમને લોકસભા ચૂંટણી માટે પક્ષપ્રચાર કરવા આ રાહત આપી છે. 'આપ'નો દાવો છે કે તેના નેતાઓને ખોટા કેસમાં ફસાવાઈ રહ્યા છે અને ભાજપ 'આપ'ને ખતમ કરવા કાવતરું ઘડી રહ્યો છે. લિકર પોલિસી કૌભાંડમાં સીબીઆઈએ ગત વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ દિલ્હીના તત્કાલીન નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાની લગભગ ૮ કલાક લાંબી પૂછપરછ બાદ ધરપકડ કરી હતી. ત્યાર બાદ ઈડીએ પણ મની લોન્ડરિંગ મામલે સિસોદિયાની ધરપકડ કરી હતી. સિસોદિયા હાલ દિલ્હીની તિહાર જેલમાં છે.

# દોઢ લાખ રૂપિયાનો ફોલ્ડેબલ મોબાઈલ ફોન માહિતીનો મહાસાગર છે





પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સ્માર્ટ ફોનને રૂમાલની જેમ ઘડી વાળીને ખિસ્સામાં મૂકી શકાય તેવા મોબાઈલ આવી ચૂક્યા છે. વનપ્લસે ગયા સપ્તાહે રૂા. ૧,૩૯,૯૯૯ની કિંમતવાળો ફોલ્ડેબલ ઓપન ફોન બજારમાં મૂક્યો છે.

જમાનાની સાથે કદમ મિલાવવા માટે ધનવાન વ્યક્તિ અત્યંત આધુનિક અને મોંઘો સ્માર્ટફોન ખરીદે અને પોતે સૌથી આગળ છે તેઓ દેખાવ કરે પરંતુ મોબાઈલની ટેકનોલોજી એટલી ઝડપથી આગળ વધે છે કે તેણે આજે ખરીદેલો સ્માર્ટ ફોન માત્ર એક સપ્તાહની અંદર ઓલ્ડ ગણાવા લાગે છે કારણ કે એ જ ફોનના નવા વર્ઝન આવી ચૂક્યા હોય છે. બીજી અન્ય કંપનીઓ પણ એટલી જ ઝડપથી રોજ નવા ફોન બજારમાં મૂકે કરે છે. ૧,૦૦,૦૦૦ કરતાં વધુ કિંમતના મોબાઈલ ફોનમાં ઝડપી પ્રગતિ થઈ રહી છે ભારત પણ મોબાઈલ ફોનની આ ટેકનોલોજીમાં જરા પણ પાછળ નથી.

વનપ્લસ મોડેમોડે આ કેટેગરીમાં પ્રવેશી છે ત્યારે તેનો વજનમાં હળવો અને મોટો સ્કીન ધરાવતો પુસ્તક આકારનો આ ઓપન ફોન સેમસંગના ગેલેક્સી ઝેડ ફોલ્ડ ફોનને પડકારરૂપ બને તેવી શક્યતા છે. આપણા દેશમાં ફોલ્ડેબલ સ્માર્ટફોનનો નવો યુગ આવ્યો છે. હુવાએ ફોનમાં બંને સાઈડ સ્ક્રિન ફોલ્ડ થતી હોવાથી તેમાં સિંગલ કેમેરા સેટઅપ છે. જેમાં ત્રણ લેન્સ છે. કેમેરા અંગે વધુ માહિતી નથી પણ ફોનમાં એક પ્રાઈમરી લેન્સ છે અને અન્ય ટેલિફોટો લેન્સ જ્યારે ત્રીજો અલ્ટ્રાવાઈડ લેન્સ છે. દુનિયાભરના લોકો આવો ફોલ્ડ કરી શકાય તેવો ફોન ધડાધડ ખરીદી રહ્યાં છે. દેશમાં મોબાઈલ ફોન નવા નવા આવ્યા ત્યારે સાદા બટનવાળા મોબાઈલ ફોનની સાથે ફ્લિપ ફોન પણ આવ્યા હતા. ત્યારે પણ યુવાઓ એવા સ્ટાઈલીશ ફોનની પાછળ ઘેલા થયા હતા. તે પછી, સ્માર્ટફોન આવતા આવા ફ્લિપ ફોન જૂનવાણી બન્યા. હવે ફરીથી ઘડી વાળીને ખિસ્સામાં મૂકી દેવાય તેવા સ્માર્ટફોન વર્ચસ્વ જમાવી રહ્યા છે.

દસેક વર્ષ પહેલા કોરિયન કંપની સેમસંગે યુમ, કોડનેમ હેઠળ સ્માર્ટફોનના ઘણા મોડેલ રજૂ કર્યા હતા. પણ કાંઈ જામ્યું નહીં. તે પછી વર્ષ ૨૦૧૯ મોબાઈલ વર્લ્ડ કોંગ્રેસમાં, સેમસંગે ગેલેક્સી ફોલ્ડના સ્માર્ટ ફોનની જાહેરાત કરી. તેની ડિઝાઈન એવી હતી જાણે વર્ષ ૨૦૧૪ના ગેલેક્સી નોટ એજની કોપી જ જોઈ લો. બજારમાં તેની સામે હુવાવી, શાઓમી અને મોટોરોલા જેવા પ્રતિસ્પર્ધીઓ હતા તો પણ સેમસંગ પાણીમાં બેસી ગઈ. છેક વર્ષ ૨૦૨૦માં સેમસંગે ગેલેક્સી ઝેડ ફિલપ સિરીઝના ફોન માર્કેટમાં મુક્યા. તેને પગલે ઓપ્પો, વિવો અને ગૂગલ જેવા સ્માર્ટફોન ઉત્પાદકો પણ મેદાનમાં ઉતર્યા. વનપ્લસે ગયા સપ્તાહે રૂા. ૧,૩૯,૯૯૯ની કિંમતવાળો ફોલ્ડેબલ ઓપન ફોન બજારમાં મૂક્યો છે.

વનપ્લસના પ્રેસિડન્ટ અને સીઓઓ કિન્ડર લિયુએ જણાવ્યું કે, 'ઓપન' શબ્દ ટેક્નોલૉજીની અદ્યતનતાની છડી પોકારે છે. તેમનું માનવું છે કે વનપ્લસ ઓપન ફોલ્ડેબલ ફોન બજારમાં ક્રાંતિ લાવશે.

મોબાઈલ કંપનીઓ ફોલ્ડેબલ ફોન રજૂ કરતી ગઈ તેમ તેનું બજાર પણ મોટું બનતું ગયું. વર્ષ ૨૦૨૦ સુધી ફોલ્ડેબલ સ્માર્ટફોનની શિપમેન્ટ ભાગ્યે જ થોડા હજાર નંગની હતી. પછીના વર્ષે એક લાખથી વધુ ફોલ્ડેબલ ફોન વેચાયા હતા. ઈન્ટરનેશનલ ડેટા કૉર્પોરેશન (આઈડીસી)ના અંદાજ મુજબ ૨૦૨૨માં, ફોલ્ડેબલ શિપમેન્ટ્સ કુલ ૧૪.૪ કરોડના સ્માર્ટફોન માર્કેટમાંથી પાંચ લાખના આંકને પાર કરી ગયા હતા.

દેશના ફોલ્ડેબલ ફોન બજારમાં રૂા. ૪૦,૦૦૦થી વધુ કિંમતના અલ્ટ્રા પ્રીમિયમ શ્રેણીના સ્માર્ટફોન મુખ્ય આધાર છે. કાઉન્ટરપોઈન્ટના ડેટા અનુસાર ફોલ્ડેબલ સેગમેન્ટ એકંદર સ્માર્ટફોન માર્કેટના એક ટકા કરતા પણ ઓછો હિસ્સો ધરાવે છે. જોકે, ૨૦૨૩માં, ઑગસ્ટ સુધી, તે અલ્ટ્રા પ્રીમિયમ શ્રેણીના ૧૩ ટકા જેવું હતું. ફોલ્ડેબલ ફોનની શિપમેન્ટ આવતા વર્ષે દસ લાખથી વધી જાય તેવી શક્યતા છે, અને પ્રીમિયમ સ્માર્ટફોનનો તેમનો હિસ્સો વર્ષ ૨૦૨૫ સુધીમાં ૩૫ ટકાને સ્પર્શી શકે છે.

ટેક્નૉલૉજી માર્કેટ રિસર્ચ ફર્મ, કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના સિનિયર એનલિસ્ટ પ્રાચીર સિંહ જણાવે છે કે, અલ્ટ્રા-પ્રીમિયમ સેગમેન્ટમાં, ફોલ્ડેબલની ફોન ધરાવવો તે વૈભવનું પ્રતીક બન્યું છે. એક એ પણ કારણ છે કે આવા ફોન લેપટોપ અને ટેબ્લેટના વિકલ્પ બન્યા છે. તેનો ઉપયોગ અંગત ઍન્ડ ધંધાકીય કામ ઉપરાંત મનોરંજન અથવા ગેમિંગ માટે પણ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, ફોલ્ડેબલ ફોનનું આકર્ષણ બજારની કરવટ બદલવાને સમર્થ છે.

રિસર્ચ ફર્મ ટેક આર્કના ઍનલિસ્ટ અને મુખ્ય વિશ્લેષક ફૈઝલ કાવૂસા કહે છે કે, બજાર એવા ધનિક ગ્રાહકોની બની રહી છે, જેઓ એક લાખ રૂપિયાથી વધારે કિંમતના ફોન ખરીદવા તત્પર હોય. ફોલ્ડેબલ ફોનની કિંમત સામાન્ય રીતે એક લાખથી વધારે હોય છે.


કાવુસા કહે છે કે સસ્તા ફોલ્ડિંગ ફોનનું બજાર વિસ્તારવાની શક્યતા વધુ છે. સ્થાનિક સ્તરે ઉત્પાદનને કારણે ફોનની કિંમતમાં થોડો ઘટાડો થવાની ધારણા છે. સેમસંગે આ વર્ષની શરૂઆતમાં કહ્યું હતું કે તે ભારતમાં ગેલેક્સી ઝેડ ફોલ્ડ ફાઈવ અને ફ્લિપ ફાઈવનું ઉત્પાદન કરશે. તેમના નામો સૂચવે છે તેમ, બંને ફોલ્ડેબલ ફોન અને ભવિષ્યના ઉદ્ભવનો સંકેત આપે છે. મોટોરોલાનો રાઝ ૪૦ અલ્ટ્રા ફ્લિપ ફોનની પરંપરાને અનુસરીને આગળ વધી રહ્યો છે. આમ સ્માર્ટફોનની ટેકનોલોજી માની ન શકાય એટલી ઝડપથી આગળ વધી રહી છે અને લોકો પણ આવા ફોન ઝડપથી ખરીદી રહ્યા છે. આવા ફોનમાં એટલી બધી સુવિધા હોય છે કે જેનો માત્ર પાંચ કે ૧૦% જ ઉપયોગ થઈ શકે છે. મોટાભાગના લોકો ૩૦% સુધી ફોનની કેપેસિટીનો ઉપયોગ કરે છે બાકી આપણા હાથમાં જે સ્માર્ટફોન છે એની ક્ષમતાનો ૧૦૦ ટકા ઉપયોગ આપણે કરીએ છીએ ખરા ? એ પ્રશ્ન પણ પૂછવા જેવો છે.

**૨૦23માં, ઓગસ્ટ સુધી, તે અલ્ટ્રા પ્રીમિયમ શ્રેણીના ૧૩ ટકા જેવું હતું. ફોલ્ડેબલ ફોનની શિપમેન્ટ આવતા વર્ષે દસ લાખથી વધી જાય તેવી શક્યતા છે અને પ્રીમિયમ સ્માર્ટફોનનો તેમનો હિસ્સો વર્ષ ૨૦૨૫ સુધીમાં ૩૫ ટકાને સ્પર્શી શકે છે**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૧ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૮ | ૬૨૩ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૮૮ |
| જુવાર લાલ | ૮૩૫ | ૯૦૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ |
| બાજરી | ૪૧૦ | ૫૨૫ |
| તુવેર | ૧૮૭૦ | ૨૩૪૫ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૨૩૫ |
| ચણા સફેદ | ૧૪૫૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૭૭૮ | ૧૯૬૨ |
| મગ | ૧૭૦૦ | ૨૧૩૦ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૧૮૮૦ |
| વાલ પાપડી | ૧૬૫૦ | ૨૨૩૦ |
| ચોળી | ૨૭૦૦ | ૩૨૦૦ |
| વટાણા | ૧૨૦૫ | ૧૭૫૫ |
| સીંગદાણા | ૧૫૮૦ | ૧૬૭૫ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૩૬૪ |
| મગફળી જીણી | ૧૧૨૧ | ૧૩૪૦ |
| તલી | ૨૪૫૦ | ૨૭૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| અજમો | ૧૧૦૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૮૭૧ |
| સોયાબીન | ૮૪૧ | ૮૯૪ |
| સીંગફાડા | ૧૧૮૦ | ૧૫૬૦ |
| કાળા તલ | ૨૭૮૦ | ૩૧૯૦ |
| લસણ | ૧૪૬૦ | ૩૩૦૦ |
| ધાણા | ૧૨૫૫ | ૧૬૨૫ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૩૫૫ | ૧૮૦૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૨૧૫૧ |
| જીરૂ | ૪૫૫૦ | ૫૬૩૫ |
| રાય | ૧૧૪૦ | ૧૩૧૦ |
| મેથી | ૧૦૨૦ | ૧૩૯૨ |
| ઇસબગુલ | ૨૦૫૦ | ૨૭૧૧ |
| કલોંજી | ૩૭૬૦ | ૩૯૯૯ |
| રાયડો | ૯૦૫ | ૧૦૨૦ |
| રજકાનું બી | ૩૭૦૦ | ૪૫૩૦ |
| ગુવારનું બી | ૧૦૦૮ | ૧૦૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| સાકરટેટી | ૩૫૦ | ૬૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૨૮૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| ટમેટા | ૧૮૦ | ૩૧૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૪૫૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૩૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૧૦ | ૨૨૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૨૫૦ | ૫૦૦ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૫૦ |
| ગાજર | ૧૮૦ | ૩૭૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૩૨૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૩૫૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૯૫૦ | ૨૨૫૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૫૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૨૦ |
| ગુંદા | ૩૦૦ | ૬૦૦ |
| **જામનગર** | | |
| જીરૂ | ૩૦૦૦ | ૫૫૧૫ |
| રાયડો | ૮૪૦ | ૧૦૧૪ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૭ |
| અડદ | ૧૪૯૦ | ૨૦૦૦ |
| મગ | ૧૬૨૦ | ૧૯૫૫ |
| તુવેર | ૧૦૦૦ | ૨૨૪૦ |
| ધાણા | ૧૦૭૦ | ૧૫૫૫ |
| અજમો | ૨૩૨૫ | ૩૫૨૫ |
| જ્વાર | ૬૦૦ | ૬૮૦ |
| વરિયાળી | ૧૦૫૦ | ૩૪૫૦ |
| ડુંગળી | ૫૦ | ૩૧૦ |
| બાજરી | ૩૦૦ | ૩૬૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| ઘઉં ટુકડા | ૩૯૭ | ૫૧૦ |
| મગફળી જિણી | ૧૦૫૦ | ૧૨૩૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૨૦ |
| શિંગ મોટી | ૯૫૫ | ૧૨૩૩ |
| શિંગ દાણા | ૧૬૩૨ | ૧૬૬૪ |
| શિંગ ફાડા | ૧૨૫૭ | ૧૬૬૮ |
| તલ સફેદ | ૨૧૬૦ | ૩૦૪૦ |
| તલ કાળા | ૧૮૭૦ | ૩૨૧૫ |
| તલ કાશ્મીરી | ૨૮૯૫ | ૩૦૩૨ |
| બાજરો | ૪૫૦ | ૪૭૪ |
| જુવાર | ૪૩૨ | ૯૨૪ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૬૪૨ |
| ઘઉં લોકવન | ૪૪૩ | ૬૦૦ |
| મગ | ૧૬૩૫ | ૧૮૩૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૨૯ |
| ચણા દેશી | ૧૧૯૦ | ૧૩૨૭ |
| તુવેર | ૧૦૫૦ | ૧૯૦૦ |
| વાલ | ૯૬૫ | ૧૫૦૦ |
| કપાસ | ૯૫૦ | ૧૪૯૭ |
| એરંડા | ૯૦૦ | ૧૦૬૬ |
| જીરું | ૧૮૦૦ | ૫૩૮૦ |
| રાયડો | ૭૫૦ | ૮૯૨ |
| રાય | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ગમ ગુવાર | ૯૪૫ | ૯૪૫ |
| ધાણા | ૧૦૧૫ | ૧૪૧૫ |
| ધાણી | ૧૧૪૫ | ૧૬૯૦ |
| અજમા | ૧૦૦૦ | ૨૮૫૦ |
| મેથી | ૬૬૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૦ |
| મરચા લાંબા | ૬૯૦ | ૨૧૭૦ |
| વરીયાળી | ૧૨૨૦ | ૧૨૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૨૦ | ૪૮૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૩૨૦ | ૪૨૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કરેલા | ૪૧૦ | ૫૧૦ |
| ગલકા | ૨૨૦ | ૩૨૦ |
| ગુંદા | ૬૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૨૦ | ૨૦૦ |
| ગુવાર | ૨૧૦ | ૫૧૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળાશીંગ | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કાચી કેરી | ૮૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૨૧૦ | ૩૧૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૪૫૦ |
| મેથીભાજી | ૬૧૦ | ૭૧૦ |
| ફુદીનો | ૪૩૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૧૦ | ૨૬૦ |
| ગરમર | ૫૧૦ | ૭૧૦ |
| સરગવો | ૪૨૦ | ૫૨૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૭૦ |
| મરચા લીલા | ૨૧૦ | ૪૧૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સૂકું | ૧૪૦૦ | ૩૦૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૨૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૨૦ |
| શીંગ મઠડી | ૧૨૫૧ | ૧૩૫૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૨૧ |
| શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૮૧ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૨૫૫૧ | ૨૭૫૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૨૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૫૪૩૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| બાજરો | ૩૯૦ | ૪૮૫ |
| જુવાર | ૫૦૦ | ૭૩૦ |
| મગ | ૧૭૫૧ | ૧૯૮૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૨૫ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૭ |
| ચણા દેશી | ૧૨૫૧ | ૧૨૭૫ |
| તુવેર | ૧૭૦૦ | ૨૦૯૧ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૯૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| રાય/રાયડો | ૮૦૦ | ૯૬૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૨૫ | ૧૪૬૫ |
| મગફળી | ૧૧૧૫ | ૧૧૪૫ |
| ચણા | ૧૧૪૪ | ૧૨૩૬ |
| જીરૂ | ૩૯૬૦ | ૫૫૪૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| તલ સફેદ | ૨૩૩૦ | ૨૮૭૦ |
| એરંડા | ૯૭૫ | ૧૦૧૫ |
| મગ | ૧૩૯૦ | ૧૯૧૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ઘઉં | ૪૮૯ | ૫૧૩ |
| ચણા | ૧૧૯૧ | ૧૧૯૧ |
| મગ | ૧૮૨૦ | ૧૮૫૦ |
| ધાણા | ૧૧૦૫ | ૧૨૭૫ |
| સફેદ તલ | ૨૬૯૦ | ૨૭૧૧ |
| તુવેર | ૧૫૦૫ | ૧૯૫૦ |
| ચોળી | ૨૬૦૦ | ૨૬૦૦ |
| શીંગ ફાડા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| રાઈ | ૮૦૦ | ૮૦૦ |
| બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| તલ કાળા | ૨૫૦૫ | ૨૫૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૪ |
| તુવેર | ૧૭૦૦ | ૨૦૦૦ |
| મગફળી | ૯૦૦ | ૧૨૪૭ |
| શીંગફાડા | ૧૩૦૦ | ૧૪૫૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૪૬ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૯૩૫ |
| મેથી | ૮૦૦ | ૯૨૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૫૧૯૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૬ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૦૬ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૦૧ |
| મગફળી જીણી | ૯૫૧ | ૧૩૨૬ |
| સિંગ ફાડીયા | ૮૮૧ | ૧૫૯૧ |
| એરંડા / એરંડી | ૭૦૦ | ૧૧૧૧ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૦૫૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૫૭૦૧ |
| ક્લંજી | ૧૭૦૧ | ૩૯૭૧ |
| વરીયાળી | ૯૭૬ | ૧૭૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૮૩૧ |
| મરચા સૂકા પટ્ટો | ૭૫૧ | ૪૪૦૧ |
| લસણ સુકું | ૧૦૪૧ | ૩૧૯૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૩૨૧ |
| અડદ | ૧૩૦૧ | ૨૦૨૧ |
| તુવેર | ૧૩૫૧ | ૨૩૯૧ |
| રાયડો | ૯૨૧ | ૯૫૧ |
| રાય | ૧૧૦૦ | ૧૧૯૧ |
| મેથી | ૭૦૧ | ૧૩૦૧ |
| સુવાદાણા | ૧૩૮૧ | ૧૩૮૧ |
| કાંગ | ૮૬૧ | ૮૬૧ |
| મરચા | ૮૦૧ | ૩૦૦૧ |
| મગફળી જાડી | ૮૦૧ | ૧૩૨૬ |
| સફેદ ચણા | ૧૨૪૧ | ૨૦૩૧ |
| તલ – તલી | ૨૪૦૧ | ૨૮૦૧ |
| ધાણી | ૯૦૧ | ૧૯૫૧ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૪૦ |
| બાજરો | ૩૮૧ | ૫૩૧ |
| જુવાર | ૪૫૧ | ૭૧૧ |
| મકાઇ | ૫૨૧ | ૫૨૧ |
| મગ | ૧૨૦૦ | ૨૦૪૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૩૧ |
| વાલ | ૫૩૧ | ૧૬૯૧ |
| ચોળા / ચોળી | ૭૭૬ | ૮૫૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૮૬ |
| અજમાં | ૧૮૦૧ | ૧૮૦૧ |
| અરીઠા | ૭૧૧ | ૭૧૧ |
| ગોગળી | ૬૩૧ | ૧૧૭૧ |
| વટાણા | ૧૧૭૧ | ૧૧૭૧ |
| **રાજુલા** | | |
| શીગ | ૯૫૨ | ૧૨૮૦ |
| તલ સફેદ | ૨૫૯૫ | ૨૮૦૦ |
| તલ કાળા | ૨૭૬૨ | ૩૦૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૬ |
| બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૯૮ |
| જુવાર | ૪૩૧ | ૮૦૨ |
| મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| મગ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૨૧૭ |
| એરંડી | ૮૮૦ | ૮૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૮૮૦ | ૮૮૦ |
| અજમા | ૨૧૭૦ | ૨૧૭૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૩ | ૧૪૭૬ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૨૧ |
| જુવાર સફેદ | ૭૦૧ | ૭૦૧ |
| તલ સફેદ | ૨૭૫૧ | ૨૯૧૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૦૧ |
| સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |
| બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| રાજગરો | ૧૦૨૦ | ૧૦૨૦ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૦૩ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૧૨૪૨ |
| ધાણા | ૧૨૩૦ | ૧૩૨૫ |
| ઘઉં લોકવન | ૪૫૭ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૪૨૨ | ૪૯૯ |
| મગ | ૧૫૮૬ | ૧૮૧૪ |
| મેથી | ૮૭૦ | ૧૦૫૧ |
| જુવાર | ૫૦૦ | ૬૯૫ |
| તલ સફેદ | ૨૩૦૫ | ૨૭૨૧ |
| તલ કાળા | ૨૩૦૦ | ૨૩૯૫ |
| મગફળી | ૧૦૨૫ | ૧૧૩૦ |
| સીગફાડા | ૧૫૦૦ | ૧૫૫૧ |
| રાય | ૧૦૫ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૮૯૫ |
| મકાઈ | ૩૫૦ | ૩૭૦ |
| બજરો | ૩૦૦ | ૩૩૫ |
| **કોડીનાર** | | |
| એરંડા | ૯૫૦ | ૧૦૭૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૧૨ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૭૪ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૪૨ |
| સોયા બીન | ૮૦૦ | ૮૭૪ |
| જ્વાર | ૬૦૦ | ૭૬૬ |
| બાજરી | ૪૧૧ | ૫૧૨ |
| તલ કાળા | ૨૬૫૦ | ૩૧૯૫ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૮૩૨ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૧૫ |
| મગફળી જિણી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| મગફળી | ૧૨૨૦ | ૧૩૬૦ |

## શબ્દ સંજોગ-૧૮૦૧



**આડી ચાવી :**
(૧) એક કહેવત (૯)
(૭) આબરૂ, પ્રતિષ્ઠા (૨)
(૮) ટપ, ઝટ (૨)
(૯) મજબૂત, ટકાઉ (૨)
(૧૦) શક્તિ, સામર્થ્ય (૩)
(૧૧) પાસાના દાવમાં એકનો દાવ (૧)
(૧૨) બંદગી (૩)
(૧૪) ચડસપૂર્વક ખેંચાખેંચી (૪)
(૧૭) લગણ, સુધી (૨)
(૧૮) તિરસ્કારનો ઉદ્ગાર (૨)
(૧૯) ---- સૌ સ્વાર્થના (૨)
(૨૧) ખૂબ ખુશ (૨)
(૨૩) વરણાગિયું (૪)
(૨૫) ગીલીદંડાની રમતમાં એક દાવ (૨)
(૨૬) ધૂળ, કસ્તર (૨)
(૨૮) એક પક્ષી (૩)
(૨૯) એક જાતના કીડાની લાળના તંતુ કે તેનું બનાવેલું કાપડ (૩)
(૩૨) મીઠાશ કે વિવેકભરી વાણી (૪)
(૩૩) યજ્ઞ કરનાર (૪)

**ઊભી ચાવી :**
(૧) કાલીકટના રાજાનો ઈલકાબ (૪)
(૨) કુલ્લામાં તેલ ભરવાનું લાંબા મોંવાળું નાળચું (૨)
(૩) બીક, ધ્રુજારી (૩)
(૪) નોકરીમાંથી કાઢી ચૂકેલું (આ-અ) (૫)
(૫) મરજિયાત, અચ્છિક (૪)
(૬) માતાનું સ્થાન (૨)
(૧૦) તેજ, સ્ફૂર્તિ (૩)
(૧૩) ધનવાન, તવંગર (૪)
(૧૫) સાટ બાંધી બનાવેલો ચાબુક કે કોરડો (૩)
(૧૬) એક ઝાડ કે એનું લાકડું (૩)
(૨૦) ગાયન, ગીત (૨)
(૨૧) જંતુનાશક એક દવા (૪)
(૨૨) ગરક, મશગૂલ (૪)
(૨૪) રેલવેમાં આવેલો માલ વખતસર ન લેવા જવાથી ભરવી પડતી દંડની રકમ (૪)
(૨૭) જ્યારે (૨)
(૨૮) આશરે, શરણ (૨)
(૩૦) મીણબત્તી (૨)
(૩૧) સંકલ્પવિકલ્પ વગેરે કરનારી ઈન્દ્રિય(૨)

## શબ્દ સંજોગ-૧૮૦૦ જવાબ

**આડી ચાવી:** (૧) ધજા (૩) ફાકી (૪) કમલ (૬) મકર (૭) રોફ (૮) હાંફ (૯) સરોજ (૧૧) યાદી (૧૨) કળશ (૧૪) સ્વાદ (૧૫) બન (૧૬) વદ (૧૮) કાનન (૧૯) તરુ (૨૦) સર (૨૧) મકર (૨૩) ભાર (રંભા) (૨૪) મલ (૨૬) લલના (૨૮) જાન (૩૦) તાજગી (૩૧) ગરમર.

**ઊભી ચાવી:** (૨) જામફળ (૩) ફારસ (૪) કફ (૫) લવાદી (૭) રોજ (૮) હાંક (૧૦) રોજી (૧૧) યાદ (૧૩) શબનમ (૧૪) સ્વાદ (૧૬) વરૂ (૧૭) ભોર (૧૮) કાનમ (૧૯) તરલ (૨૦) સરંજામ (૨૨) કલગી (૨૫) લતા (૨૭) નાગ (૨૯) નર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## આગામી તા.૦૧ જૂનથી તમામ તાલુકા મથકે કંટ્રોલરુમ કાર્યરત થશે

# પ્રિ-મોન્સુન કામગીરી માટે બેઠક યોજતા કલેક્ટર

અમરેલી તા. ૧૫

અમરેલી જિલ્લામાં આગામી સમયમાં ચોમાસાનું આગમન થવાનું હોય ત્યારે અગમચેતીના ભાગરુપે અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત કરવાની થતી કામગીરીઓના આયોજન અને જરુરી વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તાલુકા કક્ષાએથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અને જિલ્લા કક્ષાએ બેઠકમાં જોડાયેલા સંબંધિત અધિકારીઓને કલેકટરે વિભાગ મુજબ ચોમાસા દરમિયાન કરવાની કામગીરી અને તેની આગોતરી તૈયારીઓની સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન કરવાની થતી કામગીરી અન્વયે જિલ્લા કક્ષાએથી નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. કલેક્ટર અજય દહિયાએ જણાવ્યું હતું કે, આગામી તા.૦૧ જૂનથી તમામ તાલુકા મથકે કંટ્રોલરુમ કાર્યરત કરી અને વરસાદલક્ષી બાબતોની જરુરી વિગતો જિલ્લા કક્ષાના કંટ્રોલરૂમને



સમયસર પૂરી પાડવા આયોજન કરવામાં આવે. તાલુકા કક્ષાએ ચોમાસા દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન, સ્થળાંતર, પૂર અને વાવાઝોડાની સ્થિતિમાં કરવાની થતી કામગીરી માટે રાહત અને બચાવ, નુકસાનીનો સરવે, વીજ પુરવઠો અને માર્ગોને પૂર્વરત કરવા માટે શક્ય હોય તેટલી વધુ ઝડપથી કામગીરી થાય તે જોવાનું રહેશે. જિલ્લાના તમામ ડેમ પર આવશ્યકતા જણાય તે તમામ બાબતોમાં ઘટતું કરવા તેમણે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થળાંતર સહિતની કામગીરી અગાઉથી જ કરવામાં આવે તે અંગે વિશેષ કાળજી રાખવા પણ તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતું. રાજ્ય અને પંચાયત માર્ગ મકાન વિભાગ સહિતના વિભાગો હસ્તકના માર્ગો પર વૃક્ષો ધરાશાયી થયા બાદ જેટલા માર્ગો પૂર્વરત કરવામાં આવે અને તે અંગેની વિગતો જિલ્લા કક્ષા અને નાગરિકોને સમયસર પહોંચાડવામાં આવે તે જોવા કલેક્ટરે જણાવ્યું હતું. આ બેઠકમાં ડીડીઓ સહિત જિલ્લાના વિવિધ વિભાગના વડાઓ, પ્રાંત અધિકારીઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડિયા તાલુકાના તોરી ગામે કડાકા-ભડાકા સાથે વરસાદ



તસવીર : વિનુભાઈ કોટડીયા

વડિયા, તા.૧૫

વડિયા તાલુકાના તોરી ગામે બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને જોરદાર પવન સાથે ધૂળની આંધી ઉઠી હતી. ત્યારબાદ કડાકા-ભડાકા સાથે વરસાદ થયો હતો. ગામલોકોના જણાવ્યા પ્રમાણે કરા પણ પડ્યા હતા. વરસાદથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે.


# ધો. ૧૦માં બેઝિક ગણિત પાસ કરનાર વિદ્યાર્થીઓ ધો. ૧૧ના B ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે

ગાંધીનગર,તા.૧૫

તાજેતરમાં જ ગુજરાત બોર્ડનું પરિણામ જાહેર થયું છે. ધોરણ ૧૦માં બેઝિક ગણિત પાસ કરનાર વિદ્યાર્થીઓ ધોરણ ૧૧ સાયન્સમાં A અથવા AB ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે નહિ, પરંતુ B ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે. જ્યારે CBSE બોર્ડના વિદ્યાર્થીઓએ બેઝિક ગણિત પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓ પણ ગુજરાત બોર્ડમાં ધોરણ ૧૧ સાયન્સમાં B ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે. વિદ્યાર્થીઓ A ગ્રુપમાં પ્રવેશ મેળવવા ઈચ્છે તો પૂરક પરીક્ષા પાસ કરી પ્રવેશ મેળવી શકશે. શિક્ષણ વિભાગે કરેલ પરિપત્ર મુજબ જે વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ બેઝિક ગણિત સાથે પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓ ધોરણ ૧૧ સાયન્સમાં B ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે, પરંતુ A અથવા AB ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે નહિ. ધોરણ૧૦માં બેઝિક ગણિતથી પાસ થનાર વિદ્યાર્થીઓ ધોરણ ૧૧માં A અથવા AB ગ્રુપમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષામાં સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા પાસ કરી ધોરણ ૧૧ સાયન્સમાં A અથવા AB ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે. CBSE બોર્ડના વિદ્યાર્થીઓ માટે આ પ્રકારનો જ નિયમ રહેશે. CBSE બોર્ડના વિદ્યાર્થીઓ પણ સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા પાસ કરી A અને AB ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે.

# સુરતમાં પત્ની સાથે ફોનમાં વાત કરતો યુવક નીચે પટકાતા મોત

સુરત,તા.૧૫




સુરતમાં યુવક ફોન પર વાત કરતા કરતા બીજા માળેથી નીચે પટકાતા મૃત્યુ નિપજ્યું છે. શહેરના ગોડાદરા વિસ્તારમાં રહેતો ૨૨ વર્ષીય કવીકુમાર શાહ રાત્રીના સમયે મોબાઈલ ફોન પર પત્ની સાથે વાત કરી રહ્યો હતો. આ દરમિયાન સંતુલન ગુમાવતા કવીકુમાર બીજા માળેથી નીચે પટકાયો હતો. જે બાદ તેને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ની મદદથી હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં ફરજ પર હાજર તબીબોએ યુવકને તપાસીને મૃત જાહેર કરતા સ્નેહિજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# ભાજપની આબરૂ બચી: નાફેડમાં મોહન કુંડારીયા બિનહરીફ ડિરેક્ટર

### ચાર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા મોહન કુંડારીયાની જીત

રાજકોટ,તા.૧૫

દેશની ટોચની સહકારી સંસ્થા ઈફ્કોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની હારના પ્રત્યાઘાતો હજુ શાંત પડ્યા નથી, ત્યાં હવે આવી જ એક બીજી સહકારી સંસ્થા નાફેડની ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ ભાજપનો જંગ છેડાયો નહતો. નાફેડની એક બેઠક માટે ભાજપ સાથે જ સંકળાયેલા મોહન કુંડારીયા સહિત ૫ ઉમેદવારે ફોર્મ ભર્યા હતા. જો કે, નાફેડમાં ઈફ્કોવાળી ન થાય તે માટે ભાજપે આબરૂ બચાવી લીધી છે.



આજે ચાર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા મોહન કુંડારીયા બિનહરીફ થયા છે. મહત્ત્વની વાત એ છે કે, ઈફ્કોમાં મેન્ડેટથી વિવાદ સર્જાતા નાફેડની ચૂંટણીમાં ભાજપ દ્વારા મેન્ડેટ જ આપવામાં આવ્યો નહોતો. ઉલ્લેખનીય છે કે ૨૧૦ મતદારો પૈકી રાજકોટના મતદારોની સંખ્યા બહુમત હોવાથી સર્વસંમતિથી મોહન કુંડારીયાને બિનહરીફ કરાવવામાં આવ્યા છે. આ માટે જયેશ રાદડિયાનો પણ કુંડારીયાને ટેકો હતો.

# જમ્મુ કાશ્મીરમાં ફરજ બજાવતો રાજુલા તાલુકાના ધારાનાનેસ ગામનો જવાન શહીદ

### ચાર બહેનોનો લાડકવાયો ભાઈ લશ્કરમાં ફરજ બજાવતા શહીદ થતા પરિવારમાં શોકનું વાતાવરણ

રાજુલા, તા.૧૫

રાજુલા તાલુકાના ધારાણીસ ગામના યુવાન રવિરાજભાઈ ભવનુભાઈ ધાખડા છેલ્લા આઠ વર્ષથી આર્મીમાં ફરજ બજાવતા હતા.ચાર બહેનોનો લાડકવાયો ભાઈ લશ્કરમાં ફરજ બજાવતા શહીદ થતા પરિવારમાં શોકનું વાતાવરણ ફેલાયું છે. વિધિની વક્રતા જુઓ કે ફેબ્રુઆરી ૨૦૨૪ માં રવિરાજભાઈ ધાખડાના લગ્ન હતા પરંતુ ખરાબ તબિયતને કારણે તેઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા અને લગ્ન પણ મોકૂફ રખાયા હતા. સારવાર દરમિયાન તેમની તબિયત બગડતા બે



દિવસ પહેલા દિલ્હી ખાતે તેમનું અવસાન થયું હતું. વીર શહીદના પાર્થિવ દેહને સ્પેશિયલ વાહનથી રાજુલા લાવવામાં આવ્યો હતો અને આજે સવારે ૮:૦૦ કલાકે તેમની સ્મશાન યાત્રા રાજુલાથી ધારાનાનેસ ગામે લઈ જવામાં આવશે અને ત્યાં તેમના માદરે વતન ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. લશ્કરમાં સેવા આપતા વીર જવાનના અવસાનના સમાચાર મળતા નાના એવા ગામમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું છે.

# મચ્છુ નદીમાં ન્હાવા પડેલા ૭ યુવકો ડુબ્યા: ત્રણના કરૂણ મોત

મોરબી, તા.૧૫

રાજ્યમાં નદીમાં ડૂબવાથી મોતની વધુ એક ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. પોઈચા પાસે આવેલી નર્મદા નદીમાં સુરતનો પરિવાર ડૂબ્યો હોવાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં મોરબીની મચ્છુ નદીમાં ડૂબતા ત્રણ યુવકના મોતના સમાચાર મળી રહ્યા છે. સાદુળકા ગામ પાસે મચ્છુ નદીના પાણીમાં ૭ યુવાનો નાહવા પડ્યા



હતા. ત્યારે ૭ પૈકી ત્રણ યુવાનો પાણીમાં ડૂબ્યા હતા. ફાયરબ્રિગેડની ટીમે યુવાનોની શોધખોળ હાથ ધરી છે. ઘરેથી સ્વિમિંગ પૂલમાં નાહવાનું કહીને ૭ યુવાનો મોરબીની મચ્છુ નદીકાંઠે ફરવા નીકળ્યા હતા.

# ભાવનગર રેન્જના અધિકારીઓ સાથે બેઠક યોજતા ડીજીપી

રાજકોટ,તા.૧૫

ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય રાજકોટની મુલાકાતે આવી પહોંચ્યા હતા. રાજકોટ આવી તેઓએ રાજકોટ પોલીસ કમિશનર, રાજકોટ રેન્જ, ભાવનગર રેન્જ અને જૂનાગઢ રેન્જના અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણીલક્ષી પ્રચાર અને મતદાન દિવસની કામગીરી અને તેમના અનુભવો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અધિકારીઓના અનુભવ આધારે આગામી દિવસોમાં જરૂરી સુધારા વધારા કરી વધુ સારી રીતે કામગીરી આયોજન પૂર્વક કરી શકાય.

આ સાથે તમામને રૂબરૂ અભિનંદન પાઠવી સારી કામગીરી બદલ શુભેચ્છા પાઠવી હતી.

# નેસડી ખોડલધામના મહંત લવજીબાપુ ટીંબીની માનવસેવા હોસ્પિટલની મુલાકાતે

ભાવનગર, તા.૧૫

ટીંબીમાં સ્વામી નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલમાં ચાલતા તદ્દન નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત ખોડલધામ - નેસડી(સાવરકુંડલા) નાં મહંત અને હોસ્પિટલનાં દાતા સંત લવજીબાપુએ ૧૩ મેના રોજ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે ઉપપ્રમુખ બી.એલ.રાજપરા તથા ટ્રસ્ટી લવજીભાઈ નાકરાણીએ



નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં "જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને તેઓનું સન્માન કર્યું હતું. તેઓએ હોસ્પિટલનાં બધા જ વિભાગોની મુલાકાત લઈ ચાલતાં સેવાકાર્યથી ખુબ જ પ્રભાવિત થયા હતા. તેઓની સાથે અન્ય સંતો પણ પધાર્યા હતા.

# કોડીનારમાં ફરી વીજ બિલની કેસ બારી શરૂ કરવા માંગણી

### લોકોને ત્રણ-ચાર કિલોમીટર દૂર બિલ ભરવા જવું પડે છે

કોડીનાર,તા.૧૫

કોડીનાર શહેરમાં જ્યારે રૂરલ ઈલેક્ટ્રીક હતું ત્યારે વીજ બિલ ભરવા માટે શહેરમાં જ કેસ બારી હતી. જેના કારણે લોકોને પણ અનુકૂળતા રહેતી હતી. પણ



અચાનક આ કેસ બારી બંધ કરી દેતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કારણ કે કેસ બારી બંધ થતાં હવે લોકોને ત્રણ ચાર કિલોમીટર દુર પીજીવીસીએલની હેડ ઓફિસે જવું પડે છે. એમાં પણ પોતાનું વાહન ન હોય તો રીક્ષા ભાડા ખર્ચીને બિલ ભરવા જવું પડે છે. ત્યાં ગયા પછી લાઈનમાં ઉભા રહીને ક્યારેક બપોર થઈ જાય તો વારો ન પણ આવે તેથી રૂપિયા અને સમય બન્ને વેડફાય છે. ત્યારે લોકોએ કોડીનારના ધારાસભ્ય પ્રદ્યુમન વાજા, ચેમ્બરના પ્રમુખ હરિકાકા વિઠ્ઠલાણી તથા પીજીવીસીએલના અધિકારીઓ સમક્ષ શહેરમાં જ વીજ બિલની ઓફિસ ફરી શરૂ કરવા માંગ કરી છે.

# ડોળાસાની સોમનાથ એકેડેમી ખાતે સમર સ્પોર્ટ્સ કેમ્પનું આયોજન કરાયું

ડોળાસા, તા.૧૫



તાજેતરમાં કોડીનાર તાલુકાના ડોળાસા ખાતે આવેલ સોમનાથ એકેડેમીના વિશાળ મેદાનમાં સમર સ્પોર્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ગેમનું આયોજન કરાયું હતું. ડોળાસા અને આજુબાજુના અનેક ગામોના વિદ્યાર્થી ભાઈ બહેનોએ આ રમત-ગમત હરીફાઈમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાળા સંચાલકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આયોજકોએ આ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

**તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં-**

નં. જન્મ-મરણ/ કેસ નં.૩/૨૦૨૪

પ્રતિ,
લખીબેન મસરીભાઈ સોંદરવા, ....અરજદાર
રહે. નગડલા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એલ.એસ.સોસા - મુ. વકીલ હાઉસ, કોર્ટની બાજુમાં, કોડીનાર

**-::વિરૂધ્ધ::-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી -કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નગડલા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નગડલા ગામનાશ્રી શ્રી મસરીભાઈ જેશાભાઈ સોંદરવા તથા શ્રીમતી લખીબેન મસરીભાઈ સોંદરવા ના પુત્ર શ્રી કાળુભાઈ મસરીભાઈ સોંદરવા નો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૮૯ ના રોજ કોડીનાર તાલુકાના નગડલા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નગડલા, તાલુકો કોડીનારના સને ૧૯૮૯ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

આજ તારીખ ૦૯/૦૫/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કા કરીને આપ્યા

સહી
(એન.જી.રાદડીયા)
તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ કોડીનાર

# એક જ બેઠક પરથી ત્રણ વખત ચૂંટણી લડનારા મોદી ત્રીજા વડાપ્રધાન બન્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

ત્રીજી વખત વારાણસી સંસદીય બેઠક પરથી ઉમેદવારી નોંધાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને ભારત રત્ન પંડિત અટલ બિહારી વાજપેયીની બરાબરી કરી લીધી છે. બંને ભૂતપૂર્વ વડા પ્રધાનો પોતપોતાના મતવિસ્તાર (એક જ લોકસભા)માંથી ચૂંટણી લડ્યા હતા અને જંગી મતોથી જીત્યા હતા. હવે મોદીએ વારાણસી સંસદીય સીટ પરથી ત્રીજીવાર ઉમેદવારી



નોંધાવીને પીએમ તરીકે બરાબરી કરી લીધી છે. પંડિત નેહરુ ૧૯૫૧-૫૨, ૧૯૫૭ અને ૧૯૬૨માં ત્રણ વખત પ્રયાગરાજ જિલ્લાની ફુલપુર બેઠક પરથી સાંસદ હતા અને ત્રણેય વખત તેમણે વડાપ્રધાન તરીકે દેશની બાગડોર સંભાળી હતી. પંડિત નેહરુને દેશના પ્રથમ વડાપ્રધાન બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. જો કે ભારત રત્ન અટલ બિહારી વાજપેયી પાંચ વખત લખનૌથી સાંસદ રહી ચૂક્યા છે, પરંતુ ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯માં સાંસદ બન્યા બાદ તેમને વડાપ્રધાન પદ પર રહેવાનું સન્માન મળ્યું. હવે નરેન્દ્ર મોદી ૨૦૧૪ અને ૨૦૧૯માં વારાણસીના સાંસદ તરીકે ચૂંટાયા હતા. બંને વખત કેન્દ્રમાં તેમના નેતૃત્વમાં મજબૂત બહુમતી સાથે સરકાર બની હતી.

વારાણસીથી ફરી ત્રીજી વખત ઉમેદવારી નોંધાવીને મોદીએ એક જ લોકસભા બેઠક પરથી સતત ત્રણ વખત ચૂંટણી લડનારા બંને પૂર્વ વડાપ્રધાનોની બરાબરી કરી લીધી છે. ૧૪ માંથી નવ વડાપ્રધાનો યુપીના છે. ભારતના લોકશાહી ઈતિહાસમાં ૧૪ વડાપ્રધાનો રહ્યા છે, જેમાંથી નવ ઉત્તર પ્રદેશમાંથી આવ્યા છે. પંડિત જવાહર લાલ નેહરુથી શરૂ થયેલો આ ટ્રેન્ડ નરેન્દ્ર મોદી સુધી પહોંચ્યો છે.

**PM જેમણે પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે**

- જવાહરલાલ નેહરુ - ૧૬ વર્ષ ૨૮૬ દિવસ
- ઈન્દિરા ગાંધી - ૧૧ વર્ષ ૫૯ દિવસ
- મનમોહન સિંહ - ૧૦ વર્ષ ૦૪ દિવસ
- નરેન્દ્ર મોદી - ૯ વર્ષ ૩૫૦ દિવસ
- અટલ બિહારી વાજપેયી - ૬ વર્ષ ૬૪ દિવસ
- રાજીવ ગાંધી--૫ વર્ષ ૩૨ દિવસ

## મનીષ સિસોદિયા સહિતના આરોપીઓની ન્યાયિક હિરાસત ૩૦ મે સુધી લંબાઈ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

દિલ્હી લિકર પોલિસીના કથિત કૌભાંડમાં આજે પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થયા હતા. કોર્ટે સિસોદિયા અને અન્ય આરોપીઓની ન્યાયિક કસ્ટડી ૩૦ મે સુધી લંબાવી છે. કોર્ટે દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત સીબીઆઈ કેસમાં આરોપો પરની દલીલો ૩૦ મે સુધી મુલતવી રાખી છે. મનીષ સિસોદિયા અને કસ્ટડીમાં રહેલા અન્ય આરોપીઓને જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. કોરોના સમયગાળા દરમિયાન, દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારે 'દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨' લાગુ કરી હતી. આ દારૂ નીતિના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓની ફરિયાદો આવી હતી જેના પગલે લેફ્ટનન્ટ ગવર્નરે



સીબીઆઈ તપાસની ભલામણ કરી હતી. આ સાથે દિલ્હીની એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ પર સવાલો ઉભા થયા છે. જો કે, નવી દારૂની નીતિ પાછળથી તેની રચના અને અમલીકરણમાં ગેરરીતિઓના આક્ષેપો વચ્ચે રદ કરવામાં આવી હતી. સીબીઆઈએ આ કેસમાં ઓગસ્ટ ૨૦૨૨માં ૧૫ આરોપીઓ વિરુદ્ધ નવી દારૂ નીતિમાં નિયમોના કથિત ઉલ્લંઘન અને પ્રક્રિયાગત અનિયમિતતા બદલ એફઆઈઆર નોંધી હતી.

## કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના માતા માધવી રાજે સિંધિયાનું બીમારીના કારણે નિધન

**ફેફસામાં ઇન્ફેક્શનને પગલે તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, ગ્વાલિયરમાં અંતિમ સંસ્કાર થશે**



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના માતા રાજમાતા માધવી રાજે સિંધિયાનું નિધન થયું છે. રાજમાતાને દિલ્હીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે બીમારીને પગલે હોસ્પિટલમાં રાજમાતા માધવી રાજેએ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ૭૦ વર્ષના હતાં. રિપોર્ટ અનુસાર આવતીકાલે ગ્વાલિયરમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. સિંધિયાની માતા છેલ્લા ત્રણ મહિનાથી દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં દાખલ હતા. રાજમાતા માધવી રાજે સિંધિયાના અંતિમ સંસ્કાર ગ્વાલિયરમાં થશે. આ પહેલા આજે બપોરે ૩ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી તેમના પાર્થિવ દેહને નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાન ૨૭ સફદરજંગ રોડ પર અંતિમ દર્શન માટે રાખવામાં આવશે. આ પછી તેમને અંતિમ સંસ્કાર માટે ગ્વાલિયર લાવવામાં આવશે. માતા રાજમાતા માધવી રાજે સિંધિયા મૂળ નેપાળના હતા.

તેઓ નેપાળના રાજવી પરિવાર સાથે સંબંધિત હતા. તેણીના લગ્ન વર્ષ ૧૯૬૬માં માધવરાવ સિંધિયા સાથે થયા હતા. માધવી રાજે સિંધિયાએ દિલ્હી એમ્સમાં આજે સવારે ૯.૩૦ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. મોતના સમાચાર મળતા સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. ગ્વાલિયરના મહેલમાં પણ શોક છવાઈ ગયો હતો. ગ્વાલિયર રાજવી પરિવાર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

## ભોપાલની પ્રાઈવેટ સ્કૂલની હોસ્ટેલમાં ૮ વર્ષની માસૂમ પર હેવાનિયત

ભોપાલ,તા.૧૫

ભોપાલની પ્રાઈવેટ સ્કૂલની હોસ્ટેલમાં ૮ વર્ષની માસૂમ પર ભયાનક દરિંદગી સામે આવી છે. ખાનગી શાળાની છાત્રાલયમાં સંચાલક મિનિરાજ મોદીએ ૮ વર્ષની બાળકી પર આખી રાત રેપ કર્યો હતો. ૧૯ એપ્રિલે ભોપાલની ખાનગી હોસ્ટેલમાં પીડિતાને દાખલ કરવામાં આવી હતી. તેની સાથે જે બન્યું તે થથરાવી મૂકે તેવું છે. એક વીડિયો કોલ દરમિયાન, બાળકીએ રડવાનું શરું કર્યું હતું. આ પછી બીજા દિવસે સવારે



માતા તેની પુત્રીને મળવા શાળાએ પહોંચી, જેણે તેણીને જાણ કરી કે વોર્ડને તેણીને દાળ-ચાવલ આપ્યા બાદ તેણી સૂઈ ગઈ હતી. કલાકો પછી ભાનમાં આવી ત્યારે તે અલગ રૂમમાં એક દાઢીવાળા અંકલ સાથે રુમમાં હતી અને દાઢીવાળો માણસ તેની સાથે ખોટું કામ કરી રહ્યો હતો. પીડિતાએ કહ્યું કે રૂમમાં બીજો પણ એક માણસ હાજર હતો, જે બોલતો હતો કે મોદી સાહેબ, બાળકી ભાનમાં આવી ગઈ, તેમ છતાં પણ દાઢીવાળાએ કંઈ ન સાંભળ્યું ને રેપ કરતો રહ્યો.



## હૈદરાબાદ-વિજયવાડા હાઈવે પર અકસ્માતમાં ૬ લોકો જીવતા બળીને ખાખ

(એ.આર.એલ),હૈદરાબાદ,તા.૧૫

આંધ્ર પ્રદેશના બાપટલા જિલ્લામાં હૈદરાબાદ-વિજયવાડા હાઈવે પર બુધવારે (૧૫ મે) સવારે એક ભીષણ રોડ અકસ્માત સર્જાયો હતો, જેમાં છ લોકોના મોત થયા છે. બાપટલાથી તેલંગણાની રાજધાની હૈદરાબાદ જઈ રહેલી બસ અને ટ્રકની ટક્કર થઈ હતી. જેના લીધે છ લોકો જીવતા બળીને ખાખ થઈ ગયા હતા. આ રોડ અકસ્માતમાં ૩૨ લોકો ઘાયલ થયા છે, જેમની સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. દક્ષિણી રાજ્યમાં થયેલી આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં બસને આગની જ્વાળાઓથી ઘેરાયેલી જોઈ શકાય છે.

ટક્કરના લીધે લાગેલી આગ એટલી ભયંકર હતી કે બસ અને ટ્રક સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. આગની જ્વાળાઓને ખૂબ ઉપર ઉઠતી જોઈ શકાય છે. એક અન્ય વીડિયોમાં ફાયરની ગાડીઓને આગ ઓલવતા જોઈ શકાય છે.

**ચારધામ તીર્થયાત્રીઓની સંખ્યામાં ભારે વધારા વચ્ચે**

## યમુનોત્રી ધામમાં રેકોર્ડ બ્રેક ભીડના લીધે સરકારી વ્યવસ્થાઓ ધ્વસ્ત

(એ.આર.એલ),દહેરાદુન,તા.૧૫

ચારધામની શરૂઆતમાં ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં શ્રદ્ધાળુઓના ઉમટવાના બધા રેકોર્ડ તૂટી ગયા છે. તીર્થયાત્રીઓની સંખ્યામાં ભારે વધારા વચ્ચે બદ્રીનાથ અને કેદારનાથમાં તો હાલત ઠીક છે પરંતુ ગંગોત્રી-યમુનોત્રીમાં દર્શન માટે પહોંચેલા શ્રદ્ધાળુઓ હજુ સુધી પરેશાન છે. થોડા દિવસો પહેલાં યમુનોત્રીની સ્થિતિ પર વાયરલ થયેલા વીડિયો પર ઉત્તરાખંડ સરકારે પરિસ્થિતિ



પર કાબૂ મેળવવાનો દાવો કર્યો પરંતુ પરેશાની જૈસે થે જેવી જ છે. જો તમે પણ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા કરવાનો પ્લાન બનાવી રહ્યા છો તો હાલ તેને ટાળી દો, કારણ કે ગંગોત્રી યમુનોત્રી ધામમાં રેકોર્ડ બ્રેક ભીડના લીધે સરકારી વ્યવસ્થાઓ ધ્વસ્ત થઈ ગઈ છે. તો ૧૭૦ કિમી દૂર બરકોટ સુધી ૪૫ કિમી લાંબો જામ જોવા મળ્યો છે.

**દરોડામાં વિભાગને ભંડારી પરિવાર પાસેથી ૧૭૦ કરોડની બેનામી સંપત્તિ મળી**

## મહારાષ્ટ્રના નાંદેડ શહેરમાં આવકવેરા વિભાગે કરોડોની બેહિસાબી સંપત્તિ ઝડપી પાડી

(એ.આર.એલ),નાંદેડ,તા.૧૫

મહારાષ્ટ્રના નાંદેડ શહેરમાં આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અહીં આવકવેરા વિભાગની ટીમે ભંડારી ફાયનાન્સ અને આદિનાથ મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ બેંક પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન કરોડોની બેહિસાબી સંપત્તિ મળી આવી હતી જે આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવી છે. દરોડા દરમિયાન મોટી માત્રામાં રોકડ પણ મળી આવી હતી, જેની





ગણતરીમાં ૧૪ કલાકનો સમય લાગ્યો હતો. આવકવેરા વિભાગની આ કાર્યવાહી ૭૨ કલાક સુધી ચાલુ રહી. દરોડામાં વિભાગને ભંડારી પરિવાર પાસેથી ૧૭૦ કરોડ રૂપિયાની બેહિસાબી સંપત્તિ મળી આવી છે. આ સિવાય ૮ કિલો સોનું મળી આવ્યું છે. દરોડા દરમિયાન મળી આવેલી ૧૪ કરોડની રોકડની ગણતરી કરવામાં અધિકારીઓને લગભગ ૧૪ કલાક લાગ્યા હતા. આ કાર્યવાહીથી ફાયનાન્સ વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. ભંડારી પરિવારના વિનય ભંડારી, સંજય ભંડારી, આશિષ ભંડારી, સંતોષ ભંડારી, મહાવીર ભંડારી અને પદમ ભંડારી નાંદેડમાં ખાનગી ફાઈનાન્સનો મોટો બિઝનેસ ધરાવે છે.

## કેન્યામાં પૂરથી ૨૬૭ લોકોના મોત, પીડિતો માટે ભારતે મદદ મોકલી

(એ.આર.એલ),કેન્યા,તા.૧૫

કેન્યામાં પૂરના કારણે ચારે બાજુ તબાહી સર્જાઈ છે. આફ્રિકન દેશના ૪૭ કાઉન્ટીઓમાંથી ૩૮ પ્રભાવિત થયા છે. કેન્યા સરકારના આંકડાઓ અનુસાર, વિનાશક પૂરના કારણે ૨૬૭ લોકોના મોત થયા છે અને ૨,૮૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે. દરમિયાન, ભારતે કેન્યાના પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન માટે ૪૦ ટન રાહત સામગ્રી મોકલી છે. માલસામાનમાં ૨૨ ટન રાહત સામગ્રી જેવી કે તંબુ, સ્લીપિંગ બેગ અને સાદડીઓ, ધાબળા, પાવર જનરેશન સેટ, ખાવા માટે તૈયાર ખોરાક, મૂળભૂત સ્વચ્છતા સુવિધાઓ અને સ્વચ્છતા કીટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૮ ટન મેડિકલ સહાય પણ કન્સાઈનમેન્ટમાં સામેલ છે. આમાં ગંભીર ઈજા અને ઘા વાગવાના સંબંધમાં જરૂરી જીવનરક્ષક દવાઓ અને સર્જીકલ સાધનોનો સમાવેશ થાય છે. તેમાં બેબી ફૂડ, પાણી શુદ્ધિકરણ, માસિક સ્ત્રાવની સ્વચ્છતા અને મચ્છર નિવારક દવાઓ, મેલેરિયા અને ડેન્ગ્યુ નિદાન કીટ, ઝેર વિરોધી સારવાર અને વિવિધ પરીક્ષણ કીટ જેવી આવશ્યક વસ્તુઓનો પણ સમાવેશ થાય છે.



## અમેરિકાએ ચીની ઉત્પાદનો પર ટેરિફ લાદતા બંને દેશો વચ્ચે તણાવ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૫

વૈશ્વિક વેપારના પરિબળો માટે નોંધપાત્ર અસર સાથેના એક વ્યૂહાત્મક પગલામાં બાઈડેન પ્રશાસને વિવિધ ચીની ઉત્પાદનો પર નવા ટેરિફ લાદવાના તેના ઈરાદાની જાહેરાત કરી હતી. આ ચીની ઉત્પાદનોમાં ઈવી, સોલાર બેટરીઓ, એડવાન્સ્ડ બેટરીઓ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને મેડિકલ ઉપકરણો સામેલ છે. પ્રમુખ બાઈડેન અને તેમના પુરોગામી ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તીવ્ર સ્પર્ધા વચ્ચે કરાયેલી આ જાહેરાત વિશ્વની બે સૌથી મોટી આર્થિક સત્તા વચ્ચે વધી રહેલા સંઘર્ષને ઉજાગર કરે છે. આગામી ત્રણ વર્ષ દરમ્યાન



લાદવામાં આવનાર ટેરિફનો હેતુ અયોગ્ય વેપાર પ્રથા વિશે ચિંતા દૂર કરવાનો અને સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરવાનો છે. પ્રશાસકીય અધિકારીઓ દ્વારા આ ટેરિફથી મોંઘવારી નહિ વધે તેવી ખાતરી છતાં બેઈજિંગ દ્વારા સંભવિતપણે લેવામાં આવનાર બદલાના પગલાને કારણે ચીન સાથે તણાવ વધવાની શક્યતા જોવાઈ રહી છે.

## આ ચૂંટણી દેશનું ભવિષ્ય અને બંધારણને બચાવવાની છે, કોંગ્રેસ અધ્યક્ષ ખડગે

(એ.આર.એલ),લખનૌ,તા.૧૫

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લખનૌમાં સપા અધ્યક્ષ અખિલેશ યાદવ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધી હતી. તેમણે પોતાના રાજકીય જીવન વિશે માહિતી આપીને સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે અત્યાર સુધી ચાર તબક્કાની ચૂંટણી થઈ છે. ભારતનું જોડાણ ઘણું આગળ છે. જનતાએ નરેન્દ્ર મોદીને વિદાય આપવાનો નિર્ણય કર્યો છે. કહ્યું કે આ ચૂંટણી વિચારધારાની લડાઈ



છે. એક તરફ એવા લોકો છે જેઓ કેટલાક અમીર લોકોના ફાયદા માટે ધર્મનો ઉપયોગ કરી રહ્યા છે અને બીજી તરફ તેઓ ગરીબો અને યુવાનો માટે લડી રહ્યા છે. તેમણે કહ્યું કે આ લડાઈ અનામત અને બંધારણને બચાવવાની લડાઈ છે. આ ચૂંટણી દેશના ભવિષ્ય અને બંધારણને બચાવવાની છે. બંધારણ બચશે તો અનામત પણ બચશે. તેમણે કહ્યું કે સરમુખત્યારશાહીમાં લોકોનો મત આપવાનો અધિકાર

**બીજેપીનું જુઠ્ઠાણું છેક સુધી પહોંચી ગયું છે. ભારતમાં ગઠબંધન સરકાર બનવા જઈ રહી છે. ૪ જૂને પ્રેસ ફ્રીડમ ડે પણ છેઃ અખિલેશ**

પણ સુરક્ષિત રહેશે નહીં. ભાજપના લોકો જનતાને ડરાવી રહ્યા છે. હૈદરાબાદમાં ભાજપના ઉમેદવાર મુસ્લિમ મહિલાઓના બુરખા ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બધું હોવા છતાં ભારત ગઠબંધન આગળ છે. ભાજપ ખૂબ પાછળ છે.

**વાયરલ તસવીરમાં સૈફ અલી ખાનના હાથ પર કરીનાનું ટેટુ દેખાતું નથી**

## સૈફ અલી ખાને-કરીના કપૂરના નામનું ટેટૂ હટાવ્યું, બંને વચ્ચે ખટરાગ હોવાની ચર્ચા

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૫

બોલિવૂડની સુપર હિટ જોડીઓની વાત આવે ત્યારે ખાસ કરીને સૈફ અલી ખાન અને કરીના કપૂરનું નામ ટોપ પર હોય છે. હંમેશા આ કપલ કોઈને કોઈ રીતે ફેન્સની વચ્ચે ચર્ચામાં રહેતા હોય છે. જો કે લગ્નના આટલા વર્ષો પછી પણ બન્ને રોમેન્ટિક પોઝ આપવાનું ભૂલતા નથી, પરંતુ હાલમાં કપલની એવી વાત સામે આવી છે જે જાણીને તમે



પણ વિચારમાં પડી જશો. કપલની એક તસવીર વાયરલ થઈ રહી છે જે જોઈને ફેન્સ પણ ચિંતામાં પડી ગયા છે. આ તસવીર જોઈને ફેન્સને એવું લાગી રહ્યું છે કે કપલના વચ્ચે કંઈ ખટપટ ચાલે છે અને તલાક લેશે. વાત જાણે એમ છે કે સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાને ૧૬ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ લગ્ન કર્યા હતા. સૈફ અલી ખાનના આ બીજા લગ્ન હતા. આ લગ્ન પછી બે દિકરાઓને જન્મ આપ્યો જેમાં એક તૈમુર અને જેહ છે. જો કે આ દિવસોમાં એક લેટેસ્ટ તસવીર વાયરલ થઈ રહી છે જેમાં કપલના સંબંધોમાં તિરાડ પડી હોય એવું લાગી રહ્યું છે. કરીનાના નામનું ટેટૂ સૈફ અલી ખાને બનાવડાવ્યુ હતું તે હવે દેખાતું નથી.

## દિલ્હીમાં સીએમ આવાસ સામે બીજેપીનું પ્રદર્શન

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

સીએમ આવાસ પર આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે અભદ્ર વર્તનના મામલે ભાજપ આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ પર સતત પ્રહારો કરી રહ્યું છે. આ બાબતને લઈને ભાજપની મહિલા કાર્યકરોએ દિલ્હીમાં મુખ્યમંત્રી આવાસ પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને સૂત્રોચ્ચાર કર્યા હતા. નવી દિલ્હી લોકસભા સીટના બીજેપી ઉમેદવાર બાંસુરી




સ્વરાજે કહ્યું, 'અરવિંદ કેજરીવાલ ચૂપ રહ્યાને ૪૮ કલાકથી વધુ સમય થઈ ગયો છે. જ્યારે તેઓ તેમના સત્તાવાર નિવાસસ્થાને હાજર હતા, ત્યારે તેમના ઓએસડીએ સ્વાતિ માલીવાલ સાથે દુર્વ્યવહાર કર્યો હતો, જે AAP રાજ્યસભાના સાંસદ છે. મને નવાઈ લાગે છે કે અરવિંદ કેજરીવાલ કેમ ચૂપ છે. ગઈકાલે સંજય સિંહે સ્પષ્ટ કર્યું કે આ ઘટના સાચી છે, અત્યાર સુધી આપે માત્ર આ ઘટનાની નિંદા કરી છે, અરવિંદ કેજરીવાલે કેમ પગલાં લીધાં નથી? જો અરવિંદ કેજરીવાલ પોતાની પાર્ટીની મહિલા સાંસદની સુરક્ષા પોતાના નિવાસસ્થાને સુનિશ્ચિત કરી શકતા નથી તો તેઓ દિલ્હીની મહિલાઓની સુરક્ષા કેવી રીતે સુનિશ્ચિત કરશે. આ ઘટનાને ૫૦ કલાક થઈ ગયા છે. આ ઘટના અરવિંદ કેજરીવાલની સામે બની છે અને તેઓ પોતે પણ શંકાના દાયરામાં છે.

# રાજકોટના છ ગામોને પ્રદૂષણ સામે ૨૫ લાખનું વળતર આપવા સુપ્રીમનો આદેશ

રાજકોટ,તા.૧૫

રાજકોટ નજીકના નાકરાવાડી ગામમાં ઘન કચરાના ઢગલાથી ગંભીર રીતે અસરગ્રસ્ત સેંકડો ગ્રામજનોને આખરે કુલ રૂ. ૨૫ લાખનું વળતર મળશે જેનો ૨૦૧૩માં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો. હાલમાં નાદાર બનેલી હંજર બાયોટેક એનર્જી જેને લેન્ડફિલ સાઈટ બનાવીને મ્યુનિસિપલ સોલિડ વેસ્ટને ટ્રીટ કરવા અને તેનો નિકાલ કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, તે સમયમર્યાદામાં કાર્ય હાથ ધરવામાં નિષ્ફળ રહી હતી.



કચરાના ઢગલાથી થતા પ્રદૂષણના પરિણામે લગભગ છ ગામોમાં ખેતીવાડીના ખેતરો અને ઘરો દૂષિત થઈ ગયા હતા અને લોકોના આરોગ્ય પર વિપરીત અસર થઈ હતી. કંપનીને એપ્રિલ ૨૦૧૪માં સર્વોચ્ચ અદાલતમાંથી વળતરની ચૂકવણી પર સ્ટે મળ્યો હતો. જો કે, ૭ મેના રોજ, સર્વોચ્ચ અદાલતે સ્ટે ખાલી કરી દીધો હતો અને રાજકોટ કલેક્ટરને તેની પાસે જમા થયેલી રકમની વહેંચણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. અરજદારો, જેમાં ગ્રામજનોનો સમાવેશ થાય છે, તેમણે SCને વિતરણની પરવાનગી આપવા વિનંતી કરતી અપીલ દાખલ કરી અને કોર્ટે ૭ મેના રોજ કલેક્ટરને નિર્દેશો સાથે અરજીનો નિકાલ કર્યો. અરજીકર્તાઓમાંના એકે જણાવ્યું હતું કે, “એનજીટીના નિર્દેશ મુજબ એચબી દ્વારા કલેક્ટરને ૨૫ લાખ રૂપિયા જમા કરાવવાના હતા.

તેના બદલે, આ રકમ RMC દ્વારા જમા કરવામાં આવી હતી કે તેઓ પછીથી એચબીઈ પાસેથી વસૂલ કરશે.

# ગુજરાત ભાજપના નેતાઓ ચૂંટણી પ્રચાર કરવા ઉત્તરપ્રદેશમાં પહોંચ્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૫

લોકસભાની ચૂંટણીનો માહોલ જામ્યો છે. ચાર તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે. હજી ત્રણ તબક્કાનું મતદાન બાકી છે. દેશના સૌથી મોટા રાજ્ય ગણાતા ઉત્તર પ્રદેશની કુલ ૮૦ બેઠકોમાંથી ૩૯ બેઠકોનું મતદાન પૂર્ણ થયું છે. જ્યારે ૪૧ બેઠકોનું મતદાન બાકી છે. ગુજરાતમાં ત્રીજા તબક્કામાં યોજાયેલ ચૂંટણીમાં એક બેઠક બિનહરીફ સાથે ૨૫ બેઠકોનું મતદાન પૂર્ણ થતા ગુજરાત ભાજપના નેતાઓ દ્વારા ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પ્રચાર માટેની રણનીતિ ઘડાઈ છે. જે અંતર્ગત કુલ ૮૦ બેઠકો ધરાવતા ઉત્તર પ્રદેશમાં હજુ ૪૧ બેઠકોનું મતદાન બાકી છે જેના ભાગ રૂપે ઉત્તર પ્રદેશને ધમરોળવા માટે ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના સંગઠનના નેતા, ધારાસભ્યો, સંસદસભ્યો, યુવા મોરચા, અનુસૂચિત જાતિ મોરચા સહિતના મોરચાને ભારતીય જનતા પાર્ટીએ કામે લગાડ્યા છે.

# રાજ્યમાં ફરી ગરમીમાં ૩ ડિગ્રીનો વધારો થશે, કેટલીક જગ્યાએ વરસાદની આગાહી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૫

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ફરી ગરમીની આગાહી કરી છે. તેમજ તાપમાનમાં પણ ૩ ડિગ્રીનો વધારો થશે. ત્યારે રાજ્યનાં કેટલાક વિસ્તારોમાં સાઈક્લોનિક સરક્યુલેશનની અસરને લઈ વરસાદની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બનાસકાંઠા, ગીર સોમનાથમાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે. તેમજ ૧૬ મે એ બનાસકાંઠામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ પવનની ગતિ ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ૧૫ મે ના રોજ બનાસકાંઠા, ગીર સોમનાથમાં ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી છે તો ૧૬ મે એ માત્ર બનાસકાંઠામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે. અમદાવાદમાં આવતીકાલે અમુક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ સાથે પવનની ગતિ ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાક રહેશે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે વરસાદી માહોલ રહેશે. જ્યાં બે દિવસ બાદ રાજ્યમાં ફરી એક વખત તાપમાનમાં થશે વધારો થશે. લગભગ બે થી ત્રણ ડિગ્રી તાપમાન વધતા લોકોને ગરમીનો અહેસાસ થશે. સુરતમાં કમોસમી વરસાદથી ખેતીના પાકમાં મોટુ નુકસાન થવા પામ્યું છે. વરસાદને કારણે ડાંગરનો તૈયાર પાક પલળ્યો હતો. ખેતરમાં ખુલ્લામાં પડેલો ડાંગરનો તૈયાર પાક પલળ્યો હતો. ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. ત્યારે સરકાર સરવે કરી ઝડપથી સહાય ચૂકવે તેવી ખેડૂતોની માંગ છે. અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી નુજસાન થવા પામ્યું છે. ગઈકાલે વરસેલા વરસાદથી ખેતરમાં પાણી ભરાયા છે.











